પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૪૮, કુલ પાના:૪, તારીખ: ૧૮-૧૦-૨૦૨૧ સોમવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 48 PRICE :-RS. 1.50 DATE : 18-10-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કેરળમાં ભારે વરસાદને કારણે તબાહી : ૧૮ના મોત

કેરળ,

હવામાન વિભાગની ૧૯ ઓક્ટોબર સુધી વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે ૧૮ ઓક્ટોબર સુધી પઠાણમથિટ્ટાના ગાઢ જંગલોમાં આવેલા સબરીમાલા અયપ્પા મંદિરમાં કોઈ યાત્રાળુઓને આવવા દેવા જોઈએ નહીં. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, જે ૧૮ ઓક્ટોબરથી ખોલવાની હતી, હવે ૨૦ ઓક્ટોબરથી શરૂ થશે, એમ નિવેદનમાં જણાવાયું છે. વિજયને રાજ્યના લોકોને આગામી ૨૪ કલાક દરમિયાન વધુ સતર્ક રહેવાની અપીલ કરી છેવિજયને જિલ્લા મેજિસ્ટ્રેટને અસરગ્રસ્ત અને વિસ્થાપિત લોકો માટે રાહત કેમ્પ ખોલવાનો નિર્દેશ પણ આપ્યો હતો ભારે વરસાદ બાદ દક્ષિણ અને મધ્ય કેરળમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા હતા. કોટ્ટાયમ અને ઈડુક્કી જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં ભૂસ્ખલન માં ૨૨ લોકો ગુમ થવાની આશંકા છે. જે બાદ રાજ્ય સરકારે બચાવ કામગીરી માટે સશસ્ત્ર દળોની મદદ લેવી પડી હતી. ભારે વરસાદને પગલે કેરળના દક્ષિણ અને મધ્ય ભાગોમાં ૧૧ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ બે આર્મી અને બે ડિફેન્સ સર્વિસ કોર્પ્સ સહિત કેન્દ્રીય દળોની ટીમો તૈનાત કરવામાં આવી છે. કોટ્ટાયમ અને ઈડુક્કી જિલ્લાની સરહદે આવેલા પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા ૨૨ લોકો ગુમ થવાની




આશંકા છે. ઈડુક્કીમાં એક કારમાંથી બે વ્યક્તિઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું કે તેમની ઓળખ હજુ બાકી છે. પઠાણમથિટ્ટા અને કોટ્ટાયમમાં વરસાદને કારણે વધુ સોળ લોકોના મોત થયા હોવાના અહેવાલ છે. દ્ગડ્ઢઇહ્લ કેરળના દક્ષિણ અને મધ્ય ભાગોમાં ૧૧ ટીમો તૈનાત કરશે. મલપ્પુરમ, અલપ્પુઝા, એર્નાકુલમ, ત્રિશૂર, પઠાણમથિટ્ટા, પલક્કડ, કોટ્ટાયમ, કન્નૂર અને કોલ્લમમાં એક -એક ટીમ તૈનાત કરવામાં આવશે. મુખ્યમંત્રી પિનારાયી વિજયને કેરળની રાજધાનીમાં એક તાકીદની બેઠક બાદ પોતાના નિવેદનમાં જણાવ્યું કે “રાજ્યના કેટલાક ભાગોમાં પરિસ્થિતિ ખરેખર વિકટ છે. અમે જીવન બચાવવા માટે શક્ય બધું કરીશું.’’ તેમણે કહ્યું કે અમે આર્મી, નેવી અને એરફોર્સની મદદ માંગી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર તમામ ડેમોના જળ સ્તર પર નજર રાખી રહી છે. કોટ્ટાયમ, પઠાણમથિટ્ટા અને ઈડુક્કી – ત્રણ જિલ્લાઓ મુશળધાર વરસાદથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ‘‘સૈ-૧૭ અને સારંગ હેલિકોપ્ટર જરૂરિયાતોને પહોંચી વળવા માટે પહેલાથી જ તૈયાર રાખવામાં આવ્યા છે. કેરળમાં હવામાનની સ્થિતિને જોતા હવાઈ દળના દક્ષિણ કમાન્ડના તમામ પાયાને હાઈ એલર્ટ પર મુકવામાં આવ્યા છે. પેંગોડ મિલિટરી બેઝથી કોટ્ટાયમ જિલ્લાના કાંજીરાપલ્લીમાં એક ટુકડી મોકલવામાં આવી છે, જેમાં એક અધિકારી, બે જેસીઓ અને ૩૦ અન્ય જવાનોનો સમાવેશ થાય છે. ભારતીય નૌકાદળના દક્ષિણ કમાન્ડએ કહ્યું કે તે બચાવમાં સ્થાનિક વહીવટીતંત્રને પોતાનો સંપૂર્ણ ટેકો આપશે. નૌસેનાએ ટ્વિટ કર્યું હતું કે, માહિતી મળતા જ ડાઈવર અને બચાવ ટીમ તૈનાત માટે તૈયાર છે. એકવાર હવામાન અનુકૂળ હોય, હેલિકોપ્ટર મદદ શરૂ કરવા માટે તૈયાર છે. ભારતીય હવામાન વિભાગે કોટ્ટાયમ, પઠાણમથિટ્ટા, ત્રિશૂર, એર્નાકુલમ, ઈડુક્કી અને પલક્કડ એમ છ જિલ્લાઓમાં રેડ એલર્ટ જારી કર્યું છે. આમાંના મોટાભાગના જિલ્લાઓમાં શુક્રવાર રાતથી ભારે વરસાદ થયો છે. દબાણ ઘટાડવા માટે નજીકના ઘણા ડેમ ભરાઈ ગયા છે અને કેટલાકના દરવાજા ખોલવામાં આવ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે કોટ્ટાયમના કેટલાક વિસ્તારોમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૦ સેમી વરસાદ પડ્યો છે, કેટલાક વિસ્તારોમાં જોરદાર પવન ફૂંકાશે. મુખ્યમંત્રી પિનારાયી વિજયને શનિવારે સાંજે વરસાદી પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી અને અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કાર્યને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય કર્યો હતો. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, તમામ સરકારી એજન્સીઓને અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને બચાવવા અને પૂર અથવા ભૂસ્ખલન થવાની સંભાવના હોય તેવા વિસ્તારોમાંથી લોકોને ખસેડવા તમામ જરૂરી પગલાં લેવા નિર્દેશ આપવામાં આવ્યા હતા. વિજયને જિલ્લા મેજિસ્ટ્રેટને અસરગ્રસ્ત અને વિસ્થાપિત લોકો માટે રાહત કેમ્પ ખોલવાનો નિર્દેશ પણ આપ્યો હતો. તેમણે કહ્યું કે આ શિબિરોનું કોવિડ -૧૯ નિયમોનું ચુસ્તપણે પાલન થવું જોઈએ.

## ગુજરાતમાં ડિસેમ્બર સુધી ૯૫ ટકા લોકોને બંને ડોઝ આપવા તૈયારી શરૂ

અમદાવાદ,

ગુજરાતમાં સૌથી વધારે અમદાવાદમાં રસીકરણ થયું છે. જેનો આંક ૬૯ લાખ ૫૬ હજાર છે. સુરતમાં ૫૩ લાખ ૪૬ હજાર લોકોએ રસી લીધી છે. બનાસકાંઠામાં ૩૧ લાખ ૨૫ હજાર લોકોએ રસીકરણ કર્યુ છે. વડોદરામાં ૨૩ લાખ ૮૬ હજાર લોકોએ રસીકરણ કર્યુ છે. આણંદમાં ૨૨ લાખ ૫૧ હજાર લોકોએ રસી લીધી છે. અમદાવાદમાં ઉત્તર-પશ્ચિમ વિસ્તારમાં ૧૧૩ ટકા રસીકરણ થયું છે. મધ્યઝોનમાં ૧૧૧ ટકા અને પશ્ચિમ ઝોનમાં ૧૦૫ ટકા રસીકરણ થયું છે.



રાજકોટમાં ગ્રામ્યમાં ૯૦ ટકા, જામનગર શહેરમાં ૯૦ ટકા, મોરબીમાં ૮૦ ટકા અને જુનાગઢમાં ૧૦૦ ટકા રસીકરણ થયું છે.દેશભરમાં હાલ કોરોના રસીકરણનું અભિયાન પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે ગુજરાત દેશમાં કોરોના રસીકરણ મામલે અવ્વલ નંબરે છે. ગુજરાતમાં કુલ ૬ કરોડ ૨૪ લાખ લોકોનું રસીકરણ કરાયું છે. જેમાં ૪ કરોડ ૩૮ લાખ લોકોએ પ્રથમ ડોઝ પૂર્ણ કર્યો છે. બંને ડોઝ લીધા હોય તેવા લોકોની સંખ્યા ૨ કરોડ ૨૫ લાખ છે. ગુજરાતમાં વેક્સિનેશન બાબતે આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે હાલ તો ત્રીજી લહેરની શક્યતા નહીંવત છે.જોકે તેની સામે ૯૦ ટકા જેટલા લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે, જ્યારે બીજો ડોઝ પણ ૮૦ ટકા ઉપરના લોકોએ લઈ લીધો છે. તેમણે કહ્યું કે લોકોને શોધી શોધીને વેક્સિન આપવામાં આવશે. ફેક્ટરીઓ સહિત અનેક સ્થળોએ ચેકીંગ કરવામાં આવી રહ્યું છે, કોઈ બાકી હશે તો તેને વેક્સિન આપવામાં આવશે.બાળકોને પણ રસી આપવાની તૈયારીઓ ચાલી રહી છે. આ ઉપરાંત સરકાર ડિસેમ્બર માસ સુધી અંદાજે ૯૫ ટકા લોકોને કોરોનાના બે ડોઝ આપી દેવાની સરકારે કવાયત હાથ ધરશે. ગુજરાત સરકાર આગામી દિવસોમાં અનેક સ્થળોએ કોરોના રસીકરણ માટે અભિયાન હાથ ધરવામાં આવશે. જેના લીધે કોરોના રસીકરણનો લક્ષ્યાંક આગામી દિવસોમાં પૂર્ણ કરશે.

## દેશમાં વરસાદી વાતાવરણ : અનેક રાજ્યો એલર્ટ પર

નવી દિલ્હી,

ઉત્તર પ્રદેશ અને હરિયાણાના અનેક વિસ્તારોમાં પણ વાતાવરણે પલટો લીધો છે. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે હરિયાણાના ગોહાના, ગન્નૌર, જીંદ, પલવલ, ઔરંગાબાદ, સોનીપત, નૂંહ, સોહાના, માનેસરમાં જ્યારે યુપીના મથુરા, હાથરસ, નરૌરા, શામલી, બરૂત, ખુર્જા, બરસાના, નંદગાંવ, બુલંદશહર, મેરઠ ગઢમુક્તેશ્વર, મુરાદાબાદ અને આસપાસના વિસ્તારોમાં આગામી કેટલાક કલાકોમાં વરસાદનું પૂર્વાનુમાન છે. તે સિવાય રાજસ્થાનના અનેક જિલ્લાઓમાં પણ વરસાદની સંભાવના છે. દિલ્હીમાં ૨૨મી ઓક્ટોબર સુધી મહત્તમ તાપમાન ૩૨થી ૩૩ ડિગ્રી અને ન્યૂનતમ તાપમાન ૧૮ ડિગ્રી આસપાસ રહેશે. તાપમાનમાં આગામી ૮ દિવસોમાં ઠંડીનો અનુભવ થવા લાગશે. આ તરફ કેરળમાં વરસાદ અને પૂરના કારણે ભારે કહેર વરતાયો છે અને અત્યાર સુધીમાં ૬ લોકોના મોત થયા છે. રાજ્યના એક ડઝન જેટલા જિલ્લાઓ પૂરથી પ્રભાવિત છે. ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વાતાવરણ પલટાઈ રહ્યું છે. હવામાન વિભાગે રાષ્ટ્રીય રાજધાની દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના અનેક વિસ્તારોમાં આજે એટલે કે રવિવારે વરસાદની આગાહી કરી છે. રાષ્ટ્રીય રાજધાનીના કેટલાક વિસ્તારોમાં રવિવારે સવારે હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે દિલ્હીમાં વરસાદને લઈ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે આગામી ૨ દિવસ હળવાથી મધ્યમ વરસાદ થવાનું પૂર્વાનુમાન છે. હવામાન વિભાગે દિલ્હી, ગુરૂગ્રામ, ગાઝિયાબાદ, નોએડા, મોદીનગર, ઈંદ્રાપુરમ, નજીબાબાદ, શામલી, મેરઠ, મુઝફ્ફરનગર, કિઠૌર, અમરોહા, બિજનૌર, હાપુડ, ભિવાની, રોહતક, પાણીપત અને આસપાસના ક્ષેત્રોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ તીવ્રતાના વરસાદનું અનુમાન વ્યક્ત કર્યુ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વરસાદથી ગરમીમાં રાહત મળવાની સાથે જ તાપમાનમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગે જણાવ્યું કે, દિલ્હી, નોએડા, ગ્રેટર નોએડા સહિત એનસીઆરના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદ ચાલુ રહી શકે છે.

## વડોદરામાં વીજબિલ મુદ્દે રહીશોનો વીજ કચેરીએ હોબાળો

વડોદરા,

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસ યોજના લાભ રેસીડેન્સી આવેલી છે. છેલ્લા કેટલાક સમયથી વીજ બીલ માં વધારો થઈ આવતા રહીશો વિફર્યા હતા અને માંજલપુર નાયબ ઈજનેરની કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો. મુખ્યમંત્રી આવાસ યોજનામાં મધ્યમ વર્ગના લોકો રહેતા હોય છે વીજ કંપની દ્વારા રીડિંગ ની ચોક્કસ નોંધ કર્યા વગર આડેધડ તોતિંગ વીજબીલ ફટકારવામાં આવ્યા છે. આ અંગે અગાઉ રજૂઆત કરતા મીટરના ચેકિંગમાં ૨૧૦૦ રૂપિયાની રકમનો તફાવત જણાય આવ્યો હતો. જે વીજ કંપની દ્વારા માફ કરવામાં આવ્યા છે. આ પ્રકારના અન્ય ઘણા બિલો છે. જેમાં પણ વીજ કંપનીની બેદરકારી છતી થાય છે તો વળી કેટલાક ગ્રાહકોને હજુ સુધી વીજ બિલ પણ મળ્યા નથી તો બીજી તરફ એમજીવીસીએલ માંજલપુર સબડિવિઝનના નાયબ ઈજનેરએ જણાવ્યું હતું કે વીજ બિલમાં રીડિંગ યોગ્ય લીધા ન હોવાની રજૂઆત છે અને કેટલાક ગ્રાહકોના બિલ વપરાશ કરતાં વધુ આવ્યા છે. ગ્રાહકની ફરિયાદ મળતાં અમે હવે ફરીથી રીડિંગ ચકાસીશું અને જરૂર જણાશે તો સુધારો પણ કરી આપીશું.વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી મુખ્યમંત્રી આવાસ યોજનામાં એમ.જી.વી.સી.એલ દ્વારા ચોક્કસ રીડિંગ વગર આડેધડ તોતિંગ બિલ ફટકારવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે સ્થાનિક રહીશોએ વીજ કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો.

## અમદાવાદના ૧૬ PIની આંતરિક બદલી

અમદાવાદ,

અમદાવાદ શહેર પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે તહેવાર દરમિયાન લો એન્ડ ઓર્ડરની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૧૬ પીઆઈની આંતરિક બદલી કરી છે. જેમાં ઈન્ચાર્જ તરીકે ચાલતા પોલીસ સ્ટેશનમાં રેગ્યુલર પીઆઈ તરીકે મૂક્યાં છે. જેમાં વાડજ પીઆઈને SOGમાં મૂકવામાં આવઅમદાવાદ શહેરમાં ૧૬ પીઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે. છેલ્લા ઘણા સમયથી શહેરના રામોલ, ગા. હવેલી ઓઢવ જેવા પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ તરીકે ચાલતા હતા તેની સામે ૮થી ૯ પીઆઇ લિવ રિઝર્વ હતા. જેમાંથી પાલડીમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરને વિશેષ શાખાના પીઆઈ તરીકે નિમણૂંક આપી છે. જયારે અમરાઈવાડીના પીઆઈને સેટેલાઈટ-૧માં મૂકવામાં આવ્યા છે.

## ગુજરાત હાઈકોર્ટમાં ૭ નવા ન્યાયાધીશોની નિમણૂક

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટમાં નવા સાત ન્યાયાધીશનો ઉમેરો થતાં જજોની સંખ્યા ૩૩ થઈ છે. જેમાં હાલમાં જ નવા નિમણૂક થયેલ ચીફ જસ્ટિસ અરવિંદ કુમારનો સમાવેશ થાય છે. ઉપરાંત નવા ૨ મહિલા જજની સાથે ગુજરાત હાઈકોર્ટમાં કુલ મહિલા જજની સંખ્યા ૫ થઈ છે. હાલ ગુજરાત હાઈકોર્ટમાં જસ્ટીસ ગીતા ગોપી, જસ્ટિસ વૈભવી નાણાવટી, જસ્ટિસ



સંગીતા વિષેન મહિલા જજ તરીકે કાર્યરત છે.કેન્દ્રીય કાયદા વિભાગે ગુજરાત હાઈકોર્ટ માં બે મહિલા સહિત નવા ૭ વકીલોની ન્યાયાધીશ તરીકે નિમણૂક કરી છે. આ તમામ ન્યાયાધીશોને આગામી સપ્તાહે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શપથ લેવડાવશે.સાત નવા જસ્ટિસમાં મોના એમ. ભટ્ટ, સમીર જે. દવે, હેમંત એમ. પ્રચ્છક, સંદીપ એન. ભટ્ટ, અનિરૂદ્ધ પી. માયી, નિરલ આર. મહેતા અને નિશા એમ. ઠાકોરનો સમાવેશ થાય છે.

## જમ્મુ કાશ્મીરમાં ડ્રોન દ્વારા હથિયારોની સપ્લાયને કારણે હિંસામાં વધારો

જમ્મુ કાશ્મીર,

રાષ્ટ્રીય સુરક્ષા આયોજકો અને સુરક્ષા અધિકારી ઓના જણાવ્યા અનુસાર, બિન-કાશ્મીરીઓ સામે તાજેતરમાં થયેલી હિંસા લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ દ્વારા પૂંચ-રાજૌરી સેક્ટરમાં નિયંત્રણ રેખા પારથી ઘૂસણખોરીનું પરિણામ છે. બીજું કારણ ખીણમાં લશ્કર-એ-તૈયબાના ઓવરગ્રાઉન્ડ કામદારો ને ચાઈનીઝ સ્ટાર પિસ્તોલની ડ્રોન ડિલિવરીમાં વધારો છે, જે શ્રીનગરમાં હત્યાઓ તરફ દોરી જાય છે. કૃષ્ણા ઘાટી સેક્ટરમાં, રાજૌરી-પૂંછ જિલ્લાની સરહદો પર જંગલોમાં ઘૂસણખોરી કરતા લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓ સાથેની અથડામણમાં ભારતીય સેનાએ સાત સૈનિકો ગુમાવ્યા છે. આ ઘૂસણખોરી ઓગસ્ટ ૨૦૨૧ ના ??અંતમાં થઈ હતી. તે જ સમયે, રંગમંચ ખીણમાં આતંક ફેલાવવા અને પ્રવાસન ક્ષેત્રની અર્થવ્યવસ્થાને અસર કરવા માટે બિન-કાશ્મીરીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ભારતીય સુરક્ષા દળો સાથે સરહદ પારથી ડ્રોનની મદદથી પિસ્તોલનો જથ્થો ઘાટીમાં પહોંચાડવામાં આવ્યો છે. એલઓસી અને અંતરિયાળ વિસ્તારોમાં સેન્સર અને ફેન્સીંગ સાથે મોટી સંખ્યામાં ભારતીય સુરક્ષા દળો તૈનાત હોવા છતાં, પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથોને ઘાટીમાં ઘુસણખોરી કરતા અટકાવવા માટે હજુ સુધી કોઈ સરળ વ્યવસ્થા નથી. ડ્રોનની મદદથી હથિયારો અને દારૂગોળાના પુરવઠાએ સુરક્ષા દળોની ચિંતા વધારી દીધી છે કારણ કે પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથોને કોઈ માનવીય કિંમત ચૂકવવી પડતી નથી.કાશ્મીર ખીણમાં તકફીરી આતંકવાદીઓ દ્વારા મુસ્લિમ સહિત બે બિન-કાશ્મીરીઓને નિશાન બનાવવું હિંસાનું સ્તર વધારવાની પાકિસ્તાની યોજના નો એક ભાગ છે. તેનો ઉદ્દેશ કેન્દ્રશાસિત પ્રદેશમાં સામાન્ય સ્થિતિને વિક્ષેપિત કરવાનો અને પ્રવાસી અર્થતંત્રને અસર કરવાનો છે. તકફીરી એ આ સંદર્ભમાં તે ઈસ્લામિક આતંકવાદી જૂથો, લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ માટે વપરાતો શબ્દ છે, જેમને રાજકીય હેતુઓ માટે તેમના મુસ્લિમ ભાઈઓને નિશાન બનાવવામાં કોઈ જ વાંધો નથી.

## પેટ્રોલ ડીઝલના ભાવ વધારાથી મકાનોની કિંમત આસમાને પહોંચી

ન્યુ દિલ્હી,

પેટ્રોલ ડીઝલના ભાવ વધારા બાદ રીયલ એસ્ટેટ ક્ષેત્રે પણ ભાવમાં વધારો જોવા મળ્યો છે. જેમાં મકાન બનાવવા માટે વપરાતાં સિમેન્ટ, લોખંડ, પાઈપ તેમજ અન્ય મટિરીયલ સહિતના ભાવોમાં એકાએક વધારો નોંધાતા મકાનની કિંમતમાં વધારો નોંધાયો છે. હાલમાં મહેસાણા જિલ્લામાં કોરોના બાદ મકાનના ભાવમાં અંદાજિત ૨૫ ટકા જેટલો વધારો નોંધાયો હોવાનું બિલ્ડરોનું કહેવુ છે. મહેસાણાએ ઉતર ગુજરાતનું હબ ગણાય છે અને અનેક



લોકો ધંધા અર્થ મહેસાણા આવતા હોય છે. જે લોકો નવા ઘર ખરીદવા માંગતા હોય છે. પરંતુ મકાનની કિંમતમાં વધારો નોંધાતા ઘરના મકાનનું સ્વપ્ન એ સ્વપ્ન બનીને જ રહી ગયું છે.મકાન બનાવવા માટે વપરાતાં સિમેન્ટ, લોખંડ, પાઈપ તેમજ અન્ય મટિરીયલ સહિતના ભાવોમાં એકાએક વધારો નોંધાતા મકાનની પડતર વધી છે જેના લીધે તેની કિંમતમાં વધારો નોંધાયો છે.

## ભારતમાં યોજાનાર એનએસએ સ્તરની બેઠકમાં પાકિસ્તાનને આમંત્રણ

ન્યુ દિલ્હી,

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય દ્વારા આયોજિત આ પરિષદની અધ્યક્ષતા કરે તેવી અપેક્ષા છે. જોકે તાલિબાનને નવેમ્બરના બીજા સપ્તાહમાં યોજાનારી બેઠકમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. બીજી બાજુ, રશિયાએ તાલિબાનને ૨૦ ઓક્ટોબરે મોસ્કો ફોર્મેટ મંત્રણા માટે આમંત્રણ આપ્યું છે, જેમાં ભારત પણ ભાગ લેશે. પરંતુ ભારત સરકાર હવે દિલ્હીમાં યોજાનારી કોન્ફરન્સમાં તેમને સામેલ કરવા અંગે સાવધ લાગે છે. તેની પાછળનું કારણ અફઘાનિસ્તાનમાં સમાવેશી સરકારનો અભાવ છે. અહીં નોંધવા જેવી બાબત એ છે કે પાકિસ્તાન પણ આ બેઠકનો ભાગ બનશે. આવી સ્થિતિમાં, તમામની નજર આ પરિષદમાં પાકિસ્તાન શું ભૂમિકા ભજવશે અને પાકિસ્તાન એનએસએ મોઈદ યુસુફ આ પરિષદમાં ભાગ લે છે કે નહીં તેના પર રહેશે. ભારત માને છે કે પાકિસ્તાને લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો પર લગામ લગાવવી જોઈએ. જોકે ભારતે એ પણ સંકેત આપ્યો છે કે તે પાકિસ્તાન સાથે કામ કરવા માટે તૈયાર છે. પરંતુ ઈસ્લામાબાદે સરહદ પાર આતંકવાદ બંધ કરવો પડશે. ભારતે પાકિસ્તાનમાં જીર્ઝ આતંકવાદ વિરોધી તાલીમ માટે ત્રણ વરિષ્ઠ અધિકારીઓને પાકિસ્તાન મોકલીને ભારતનો પોતાની સ્થિતિ સાબિત કરી બતાવી છે. જો પાકિસ્તાની એનએસએ મોઈદ યુસુફ ભારત આવશે, તો તે લાંબા સમય પછી એક ઉચ્ચ પાકિસ્તાની અધિકારીની ભારત મુલાકાત હશે. અગાઉ, વર્ષ ૨૦૧૬ માં, પાકિસ્તાનના તત્કાલીન વડાપ્રધાન નવાઝ શરીફના વિદેશ બાબતોના સલાહકાર સરતાજ અઝીઝ હાર્ટ ઓફ એશિયા કોન્ફરન્સ માટે અમૃતસરની મુલાકાત લીધી હતી. ભારતે આ વર્ષે મે મહિનામાં અફઘાનિસ્તાનની પરિસ્થિતિ પર એક પરિષદ યોજવાનું મન બનાવ્યું હતું અને યુસુફ પણ તેમાં ભાગ લેવાનો હતો. પરંતુ કોવિડની બીજી લહેરને કારણે આ કોન્ફરન્સનું આયોજન થઈ શક્યું નથી.ભારત આવતા મહિને અફઘાનિસ્તાનની સ્થિતિ પર એનએસએ સ્તરની બેઠકનું આયોજન કરવા જઈ રહ્યું છે. રશિયા અને પાકિસ્તાન એવા દેશોમાં સામેલ છે જેમને આ બેઠક માટે બોલાવવામાં આવશે. આ પ્રાદેશિક પરિષદ માટે ચીન, ઈરાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનને પણ આમંત્રિત કરી શકાય છે. આ બેઠક યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાન દેશની સુરક્ષા સ્થિતિ અને તાલિબાનની માનવ અધિકારો જાળવવાની જરૂરિયાત તેમજ માનવીય સંકટને સંભાળવા પર આધારિત હશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

શ્રીમતી સી. એમ. પટેલ

મુ. ભાઠા, તા. મોરવા(હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પ્રણામી મીસ મંગલમ સહકારી મંડળી

મુ. સાલીયા, તા. મોરવા(હ)

# સંતરામપુર-લુણાવાડા માર્ગ ઉપર પોલીસની ઓળખ આપી બાઈક લુંટનાર બે ઈસમો પોલીસના શિકંજામાં


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં લુણાવાડા જવાના રસ્તે બળિયાદેવ મંદિર પાસેથી ફતેપુરા તાલુકાનાં બારસાલેડા ગામના પંકજ ભુરા ચારેલ તેમની મોટરસાઈકલ જીજે ૨૦.ફ.જિ૯૭૫ની તથા સુભાષ બરજોડની તદ્દન નવીન ખરીદેલ નંબર વગરની સપેલનડર બાઈકને જઈ રહેલ તેવામાં બે અજાણ્યા ઈસમો એ તેમને ઊભા રાખીને પોતે પોલીસ છે. તેમ ઓળખ આપી ને બંન્ને પાસેની મોટરસાઈકલો કબજે લઈ ને પોલીસ મથકે આવી મોટરસાઈકલો લઈ જજો તેમ કહી ને જતાં રહેલ.

આઅંગે પોલીસ મથકે જઈ તપાસ કરતાં તેમની મોટરસાઈકલો પોલીસ મથકે હતી નહીં ને કોઈ બાઈક પોલીસ લાવેલ નહીં હોવાનું જાણવા મળતા ફર્યાંદી ને સાહેદ ને પોતે છેતરાયાનો એહસાસ થયેલ ને આબનાવ ની પંકજ ભુરા ચારેલે સંતરામપુર પોલીસ મથકે ફરીયાદ આપતાં પોલીસે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ઈપીકોડકલમ. ૩૮૪.૧૭૦.૧૧૪.મુજબનો ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ.

નગરમાં બાઈક ઉઠાંતરીના બનાવો બનતાં સથાનિક પોલીસ એકશનમાં આવેલને બાતમીદારો પાસેથી બાતમી મળેલ કે, કાળા કલરની નંબર વગરની પલેટીના મોટરસાઈકલ પર બેસીને બે વ્યકતિઓ લુણાવાડા રોડ પર થી સંતરામપુર તરફ આવી રહેલ છે. જેથી આઈજીપી ગોધરા રેંજને એસપી. મહિસાગરને ડીવાયએસપી મહિસાગરના માર્ગદર્શનને સુચનાઓ હેઠળ સંતરામપુર પોલીસ ઈન્સપેકટર મછારને પો.સ.ઈ.કલાસવાને પોલીસ સ્ટાફે સંત હરસિધ્ધીમાતાજી મંદિર પાસે નાકાબંધી કરેલને બાતમી વાળી નંબર વગરની મોટરસાઈકલ આવતી જોતાં તેને ઊભી રાખવા ઈશારો કરતા પોલીસને જોતા ગાડી ચાલકે બાઈક વળાવી પરત ભાગવા પ્રયાસ કરવા જતાં પોલીસે આ બંને ઈસમોને ઝડપી પાડેલને તેમની સઘન પુછપરછ કરતા તેઓ ગભરાઈ ગયેલા અને સાચી વાત કરી દીધેલને તેમને તેમના નામ નરેન્દ્રસિંહ ઊર્ફે ટીનો બળવંતસિંહ સીસોદીયાને વિજયભાઈ બળવંતભાઈ હજુરી રહે ચુંથાનામુવાડાનું જણાવેલ.

પોલીસે આ બનાવમાં બંન્ને આરોપીઓની ગુનાના કામે અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલને આ બંન્ને આરોપીઓને સંતરામપુર કોર્ટમાં રજુ કરીને પોલીસ રીમાન્ડની માંગણી કરતા સંતરામપુર કોર્ટે આ આરોપીઓને ૧૬.૧૦.૨૧સુધીના રીમાન્ડ મંજુર કરેલ છે.

# સંતરામપુર મુરલીધર હાઈસ્કુલ ખાતે નવનિયુકત મંત્રી અને બોર્ડમાં ચુંટાયેલ સભ્યનો સન્માન સમારોહ યોજાયો



સંતરામપુર,

સંતરામપુર નગરમાં મુરલીધર હાઈસ્કુલ ખાતે સંતરામપુરના લોક લાડીલા ધારાસભ્ય કુબેરભાઈ ડીંડોરનો મંત્રી મંડળમાં સ્થાન મળતાને ગુજરાત માધ્યમીક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડમાં ચુંટાયેલા જયપ્રકાશ પટેલનો સન્માન સમારોહ સંતરામપુર અર્બન કો. ઓ બેંકને એપીએમસી સંતરામપુરને મુરલીધર હાઈસ્કુલને નવદીપ કેડિટ સોસા.ને સતયપ્કાશ કો ઓ કેડિટ સોસા.ના ઉપક્રમે પંચમહાલ સંસદસભ્ય રતનસિંહ ના અદયક્ષ પદે યોજાયેલ હતો. આ પ્રસંગે ઊપસથીત સાંસદ રતનસિંહ, રાજય કક્ષાના શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડીંડોર, બોર્ડ મેમ્બર જયપ્રકાશ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, માજી ધારાસભ્ય ડો.ભમાત, જીલ્લાનાને સંતરામપુરને કડાણા તાલુકાના પાટીદાર સમાજના આગેવાનોને ભાજપ સંગઠનનાં પ્રમુખોનું ફુલહાર ને શાલ ઓઢાડીને અર્બન બેંકને નવદીપને સતયપ્કાશ કેડિટ સોસાયટીને એ.પી.એમ.સી.ને મુરલીધર હાઈસ્કુલના કમિટિ સભ્યો, મેનેજરો, સ્ટાફ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ભાજપ સંગઠનનાં હોદેદારો, કાર્યકરો, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, ન.પા.સભ્યો, નગરનાં ડોકટરો, વેપારીઓ, મહિલાઓ, નગરજનો ઊપસથીત રહેલ હતા. સન્માનના પ્રત્યુતરમાં મહાનુભાવોએ સૌએ સાથે મળીને જીલ્લાનો વિકાસ કરવાને વિવિધ વિકાસના કામો કરવાને મહિસાગર જિલ્લામાં જીઆઈડીસી ટેકનીકલ સંસથાઓ, બીએસસીની કોલેજને આ જીલ્લાને રેલ્વેનો લાભ મળે તે માટે પ્રયત્નશીલ રહી આ કામગીરી થાય તે માટે પ્રયત્નશીલ છીએ તેમ જણાવેલને સન્માન કરવા બદલ નગરની સહકારીને શૈક્ષણિક સંસ્થાઓનો આભાર વ્યકત કર્યો હતો. આભાર દર્શન અર્બન બેંકના મેનેજર નિલેશ મહેતા એ કરેલ.

## અખિલ ભારતીય સંત સમિતિ દ્વારા મહીસાગર જિલ્લાની સંત સમિતિની બેઠક સંતરામપુર ગાયત્રી મંદિર મુકામે થઈ



લુણાવાડા,

મહીસાગર જિલ્લાની સમિતિના અધ્યક્ષ પરમ પૂજ્ય રામ સ્વરૂપદાસ સાહેબ લુણાવાડા કબીર મંદિર અને સંત સમિતિના જિલ્લાના મહામંત્રી મહતસિંહ રમજીદાસ ગાયત્રી મંદિર સંતરામપુર અપેક્ષિત પરમ પૂજ્ય દલસુખ દાસજી મહારાજ સંત સમિતિ ગુજરાતના કારોબારી સભ્ય વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત ક્ષેત્રના સેવા પ્રમુખ રામભાઈ પટેલ અને દક્ષિણ ગુજરાતના સહમંત્રી શંભુપ્રસાદ શુક્લા, દક્ષિણ ગુજરાત પ્રાંત પંચમહાલ વિભાગના સામાજિક સમરસતા પ્રમુખ દિલિપભાઈ આર. રાણા, મહીસાગર જિલ્લાના મંત્રી દીપકભાઈ, મહીસાગર જિલ્લાના ગૌરક્ષા સંયોજક મણીભાઈ, સંતરામપુર પ્રખડના તરૂભાઈ બધા સંતો ઉપર્થીત રહ્યા અને સંતરામપુર ડો.પ્રોફેસર રાજ્ય સરકારના મંત્રી કુબેરભાઈ ડિંડોર અપેક્ષિત રહ્યા હતા. સંતોએ આશીર્વાદ આપ્યા હતા.

## સંતરામપુરમાં જશ્ને ઈદે મિલાદ ઉન નબીની ઉજવણી કરાશે


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં જશ્ને ઈદે મિલાદ ઉન નબી મંગળવારના રોજ ધામધૂમથી મનાવવામાં આવશે. સંતરામપુર નગરમાં ઈદ-એ-મિલાદ જશ્ને ઈદે મિલાદુન્નબીની નગરના વિવિધ વિસ્તારોમાં પૂર જોશમાં શાનો શોકત થી મનાવવા માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તેના ભાગરૂપે નગરના વિવિધ વિસ્તારોમાં સંતરામપુર ગોધરા ભાગોળ વિસ્તારમા મદીના ગેટ જુમ્મા મસ્જિદ પાસે હૂસેનીચોક સિપાઈ ચોક કાદરી મસ્જિદ મોહમ્મદી મોહલ્લા વિવિધ વિસ્તારોમાં ડેકોરેશનથી સજાવટ કરવામાં આવેલી હતી. સંતરામપુર નગરની સુનિલ જામા મસ્જિદ નૂરી મસ્જિદ કાદરી મસ્જિદ ડેકોરેશન કરવામાં આવેલું હતું.

## આરોગ્ય રાજ્યમંત્રી નિમિષાબેન સુથારે

# ગોધરા સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી : સિવિલના વિવિધ વિભાગોની રૂબરૂ મુલાકાત લઈ ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું



ગોધરા,

ગોધરા આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, અને તબીબી શિક્ષણ રાજ્યમંત્રી નિમિષાબેન સુથારે આજે ગોધરા સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ સમીક્ષા હાથ ધરી હતી. આરોગ્ય રાજ્યમંત્રીએ ગોધરા સિવિલના વરિષ્ઠ તબીબો-અધિકારીઓ બેઠક કરી હોસ્પિટલના સમગ્ર વ્યવસ્થાપન, ઉપલબ્ધ સુવિધાઓ, જરૂરિયાતો, પડતી સમસ્યાઓ અને આગામી આયોજન વિશેની વિગતવાર માહિતી મેળવી હતી. મંત્રીએ અધિકારીઓ સાથે પીડિયાટ્રીક્સ, આંખ, ઓપીડી, સર્જરી, જનરલ વોર્ડ સહિતના સિવિલના વિવિધ વિભાગોની જાત મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ સારવાર-સુવિધાઓનું જાત નિરીક્ષણ કરતા સેવાઓને વધુ બહેતર બનાવવા અંગે પરામર્શ હાથ ધર્યો હતો. મંત્રીએ દાખલ દર્દીઓના ખબર અંતર પૂછવા સાથે સંવાદ કરી તેમને સિવિલ ખાતે મળી રહેલી સારવાર અંગે પૃચ્છા કરતા તેમના પ્રતિભાવો જાણ્યા હતા. સિવિલ ખાતે ઉપલબ્ધ તબીબી અને માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવા તેમજ સારવાર વધુ ઝડપી અને સરળ બનાવવા માટેના આયોજનો અંગે ચર્ચા કરતા તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. પીએમ-જેએવાય માં કાર્ડ સરળતાથી ઈશ્યુ થાય, દવાઓ સહિતના કાઉન્ટર પર દર્દીઓને લાઈન વગર ઝડપથી સેવા મળે, લિફ્ટ સહિતની સુવિધાઓ ૨૪ કલાક વિના વિક્ષેપે કાર્યરત રહે, વિવિધ યોજના હેઠળ સરકાર તરફથી દર્દીઓને અપાતી સહાયની રકમ નિશ્ચિત સમયગાળામાં અપાઈ જાય, ગ્રીન કોરીડોર ઉપલબ્ધ વિકસિત કરાય તે સુનિશ્ચિત કરવાની દિશામાં કામગીરી કરવા તેમણે નિર્દેશ આપ્યા હતા. ગોધરા સિવિલ ખાતે મેડિકલ કોલેજને મંજૂરી મળી છે ત્યારે મેડિકલ કોલેજ માટે આવશ્યક એવી સુવિધાઓની સ્થિતિ અંગે પણ તલસ્પર્શી માહિતી મેળવી હતી. આ ઉપરાંત, આગામી સપ્તાહે ગોધરા સિવિલ ખાતે ‘‘આપ કે દ્વાર આયુષ્માન‘‘ મેગા ડ્રાઈવ અંતર્ગત ૨૧ ઓક્ટોબરે યોજાનાર મેગા કેમ્પની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરતા તેમણે જણાવ્યું હતું કે રાજ્યભરના ૮૦ લાખથી વધુ કુટુંબોને પીએમ-જેએવાય માં કાર્ડ યોજના અંતર્ગત આવરી લેવાનું આયોજન છે ત્યારે આ મેગા કેમ્પના માધ્યમથી પંચમહાલ જિલ્લાના પણ મહત્તમ લાભાર્થીઓ આ યોજનાનો લાભ લે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ. કામિનીબેન સોલંકી, ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી, જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. ચુડાસમા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિનાક્ષી ચૌહાણ, આરએમઓ ડો. મયૂરીબેન શાહ સહિતના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લવાયેલ સબજેલનો કેદી પોલીસને ચકમો આપી નાસી છુટ્યો

ગોધરા,

ગોધરા સબજેલના કેદીને દવા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યો હતો તે વેળાએ કેદીએ શૌચક્રિયા જવાનુ કહી હાજર પોલીસને ધકકો મારી ભાગી ગયો હતો. આ મામલે આરોપી વિરુદ્ધ ગોધરા શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગોધરા સબજેલ ખાતે બટકવાડા સંતરામપુરનો આરોપી દિનેશ નવલા પારગી એક કેદી તરીકે સજા કાપી રહ્યો હતો જેની તબિયત લથડતા જેલ સત્તાધિશોએ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં પોલીસ જપ્તા સાથે જનરલ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. જે દરમિયાન આરોપીએ શૌચક્યિા કરવા જવાનુ બહાનુ કરી જપ્તામાં ફરજ બજાવતા પોલીસ જવાનોને ધકકો મારી નીચે પાડી દઈ પોતાના હાથમાં રહેલ હથકડી કાઢી ફરાર થઈ જતા પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. પોલીસે આરોપી સામે ગુનો નોંધી તેની ધરપકડના ચકો ગતિમાન કર્યા છે.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

**ગોધરા ભુરાવાવ પાવર હાઉસ પાસે આવેલ મધ્ય ગુજરાત વીજ કંપનીની કચેરીમાં શનિવારના રોજ રાત્રીના સમયે આકસ્મિક રીતે આગ લાગવાનો બનાવ બનવા પામ્યો હતો. વીજ કચેરીમાં લાગેલ આગને કાબુમાં લેવા માટે ફાયર ફાયટરોએ ભારે જહેમત કરવી પડી હતી. ફાયર ફાયટરો એ પાણીનો મારી ચલાવીને આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો. આગને લઈ વીજ કંપનીની ઓફિસમાં ભારે નુકશાન થવા પામ્યું છે.**

## ગોધરા ખાતે યોજાયો માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગનો જિલ્લા કક્ષા કલા ઉત્સવ કાર્યક્રમ



ગોધરા,

તાજેતરમાં પંચમહાલ જિલ્લાના તેલંગ વાણિજ્ય વિદ્યાલય ગોધરા ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પંચમહાલ ગોધરા દ્વારા જિલ્લાકક્ષાનો માધ્યમિક અને ઉચ્ચ.માધ્યમિક કક્ષાનો કલા ઉત્સવ કાર્યક્રમ ભારે દબદબાભેર સંપન્ન થયો. આઝાદીના અમૃત મહોત્સવ કાર્યક્રમ અન્વયે યોજાયેલ આ કાર્યક્રમમાં કુલ ચાર વિભાગમાં નિબંધ, ચિત્ર, વક્તૃત્વ અને કાવ્યગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સંકુલ કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થી એ અહીં જિલ્લા કક્ષાએ પોતાની કલા શક્તિનું પ્રદર્શન કરવાનું હોય છે. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ.પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી ભાનુભાઈ પંચાલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સી. લેક્ચરર ઉમેશ ચૌહાણ સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે મહેન્દ્રકુમાર પરમાર, કૌશિક પટેલ, વીનું બામણિયા, પ્રવીણ ખાંટ, અક્ષય જાદવ, દીવાકર શુકલ, યાકુબખાન પઠાણ, મધુકર જોષી, જયેશ પ્રજાપતિ સહિત તજજ્ઞઓ દ્વારા સુંદર કામગીરી કરેલ હતી. માદયમિક અને ઉચ્ચ માદયમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે તેમની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાના ઉમદા હેતુથી આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે જિલ્લા કક્ષાએ યોજાયેલી સ્પર્ધામાં જે વિદ્યાર્થીએ પ્રથમ નંબર મેળવ્યો છે તે તમામને ઝોન કક્ષાએ ભાગ લેવા જવા માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્પર્ધામાં એક થી ત્રણ નંબરે આવેલ કલાકારને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં શિક્ષકો અને બાળકોએ કોવિડની ગાઈડલાઈન મુજબ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં સંકલન અને આયોજન બાબતે ડાયટના સી લે ઉમેશભાઈ ચૌહાણ સહિત ભૂપેન્દ્રભાઈ પટેલ અને અક્ષયભાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. તેમ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ગોધરા- પંચમહાલની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગોધરાનો બાળક દુબઈ ખાતે યોજાનાર એશીયન ગેમ્સ ઈન્ટરનેશનલ બેડમિન્ટન સ્પર્ધામાં ઉતરશે


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,

ગોધરાનો વિદ્યાર્થી એશિયન ગેમ્સનીઈન્ટરનેશનલ બેડમિન્ટ કોમ્પિટિશનમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે મોહમ્મદ રૂહાને નેશનલ લેવલની જુનિયર બેડમિન્ટન સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. ગોધરાની સેન્ટ આર્નોલ્ડ સ્કૂલમાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા આ માસૂમ મહંમદ રૂહાનની બેડમિન્ટનની રમત પ્રત્યેની રૂચિ અને સતત જોનારા અમીનભાઈ ભટુકએ એક પાડોશી ધર્મની આ મદદમાં રૂહાન નેશનલ લેવલની જુનિયર બેડમિન્ટન સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા બાદ આવતા મહિને યોજાનારી ઈન્ટરનેશનલ બેડમિન્ટન સ્પર્ધામાં જુનિયર કક્ષામાં ભારતના ગૌરવશાળી ખેલાડી તરીકે ભાગ સ્પર્ધામાં નેશનલ લેવલે વિજેતા બનેલો આ ઝળહળતો સિતારો હવે આગામી દિવસોમાં દુબઈ ખાતે યોજાનારી એશિયન ગેમ્સ ઈન્ટરનેશનલ બેડમિન્ટન સ્પર્ધામાં ભારતના ખેલાડી તરીકે મેદાનમાં ઉતરશે આ અત્યંત ગૌરવની છે. રૂહાન આવતા મહિને એશિયન ગેમ્સ દુબઈ ખાતે જુનિયર બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ ભારતનું પ્રતિનિધિત્વ કરી ભારતનું નામ રોશન તેવી આશા છે.

ગોધરા ખાતે સિવિલ લાઈન્સ રોડ ઉપર આવેલ ઈદાદ એવન્યુ સોસાયટીમાં રહેતા અને નાની વયે ઘર આંગણે માતા અને નાની સાથે બેડમિન્ટન રમવાના શોખ લેવા જઈ રહ્યો હોવાના આ આનંદ ભર્યા સમાચારમાં ગોધરાનું નામ રમતગમત ક્ષેત્રમાં ગૌરવવંતુ બન્યું છે.

## શહેરાના જુના સુરેલી ગામે ૭ વર્ષિય બાળકીનુ વીજ કરંટ લાગતા મોત

શહેરા,

શહેરા તાલુકાનુ જુના સુરેલી ગામે વણઝારા ફળિયામાં જય અંબે યુવક મંડળ દ્વારા ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન ડી.જે.પાસે ઉભેલી અને માતાજીના ગરબા નિહાળી રહેલી અને જુની સુરેલી પ્રા.શાળામાં બીજા ધોરણમાં અભ્યાસ કરતી ડિમ્પલબેન વસંતભાઈ વણઝારા ને અચાનક વીજ કરંટ લાગતા ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જેથી લોક ટોળા ઉમટ્યા હતા અને આનંદનુ મહોત્સવ માતમમાં ફેરવાયો હતો.

## ઘોઘંબા એસ.એચ. વરીયા હાઈસ્કુલમાં શિષ્યવૃતિ માટે પરીક્ષા યોજાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબામાં એસ.એચ. વરીયા હાઈસ્કૂલમાં પ્રાથમીક અને માદયમિક શાળાના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ મેળવવા માટેની પરીક્ષા યોજાઈ ગઈ. જેમાં પ્રાથમિક અને માદયમીકના મળી કુલ ૨૯૦ વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ હતા. જેમાંથી ૨૨૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે ૬૬ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. સરકારની ગાઈડલાઈન અનુસાર એક બેન્ચ ઉપર એક જ વિદ્યાર્થી ને બેસાડવામાં આવ્યા હતા. જેના કારણે કુલ ૧૯ બ્લોક ફાળવવામાં આવ્યા હતા. તે પૈકી ૧૫ બ્લોકમાં પ્રાથમિક વિભાગના બાળકો અને ૪ બ્લોકમાં માદયમીકના બાળકોની બેઠક વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં બ્લોક દીઠ સુપરવાઈઝર રાખવામાં આવ્યા હતા અને કુલ ૨૧ કર્મચારીઓ આ કામગીરીમાં ખંતપૂર્વક જોડાયા હતા. તેમ પ્રિન્સીપાલ મનોજભાઈ પંડ્યા એ જણાવ્યું હતું.

## ઘોઘંબામાં દશેરાની ધામધૂમથી ઉજવણી કરાઈ


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા નગરમાં દશેરાની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી અને ક્ષત્રિય સમાજ દ્વારા શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઘોઘંબા, પાલ્લી, નવાગામ, વાવની મુવાડી, દેવની મુવાડી સહિત આજુબાજુના ગામના ક્ષત્રિયો મોટી સંખ્યામાં પોતાના શસ્ત્રો સાથે હાજર રહ્યા હતા અને શસ્ત્રોનું પૂજન કરી ત્યારબાદ ઘોઘંબા બજારમાં રેલી કાઢી હતી. જેમાં કાલોલ થી ખાસ આ રેલી માટે બોલાવેલ નાસિક ઢોલની ટીમ દ્વારા ઢોલની રમઝટ બોલાવી હતી અને તેમાં ક્ષત્રિય યુવકો એ તલવાર બાજીના વિવિધ કરતબો રજુ કરી સૌના મન મોહી લીધા હતા. શહેરમાં ફરતી આ શૌર્ય રેલીને જોવા માટે લોકોની ભીડ જામી હતી.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદ જીલ્લા ૬૯૬ ગામોમાં ૧૦૦ ટકા પ્રથમ વેકસીન ડોઝની કામગીરી પૂર્ણ થઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના ૬૯૬ ગામોમાં ૧૦૦ એ ૧૦૦ ટકા પ્રથમ ડોઝની વેક્સિનેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. દાહોદ જિલ્લાના યુવાનોથી લઈ વયોવૃદ્ધ લોકોમાં હવે કોરોના સામે જાગૃતિ દેખાઈ રહી છે અને કોરોના સામે રક્ષણ મેળવવા માટે રસી મુકાવી રહ્યા છે જેની સાથે સાથે આરોગ્ય સેનાનીઓ પણ રસી મુકાવવામાં પહેલ બતાવી છે.



કોરોના મહામારીની વાત કરીએ તો કોરોનાની પ્રથમ લહેર કરતા દેશ, દુનિયાની સાથે સાથે દાહોદ જિલ્લામાં પણ ખાસી એવી અસર જોવા મળી હતી. દાહોદ જિલ્લાની સરકારી હોસ્પિટલની સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓનો રાફડો ફાટયો હતો અને મૃત્યુ આંક પણ વધ્યો હતો. જેને પગલે દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર સહિત જિલ્લાવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. ત્યારે કોરોના સામે રક્ષણ મેળવવા અને લડત આપવા માટે કોરોનાથી બચવા માટે રસી લેવા માટે આરોગ્ય વિભાગ દ્વારા જાહેર જનતાને અપીલ કરી હતી અને સરકાર દ્વારા તેમજ આરોગ્ય તંત્ર દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ લોકોએ રસી મુકાવવા માટેની જાગૃતિ પણ આવી હતી અને જેને પગલે હવે દાહોદ જિલ્લાના શહેરી વિસ્તારની સાથે – સાથે ગ્રામીણ વિસ્તારના લોકોમાં પણ વેક્સિનેશન મુકાવવા આપવા માટે જાગૃતતા દર્શાવી રહ્યા છે. સંપૂર્ણ દાહોદ જિલ્લો હવે ૧૦૦% વેક્સિનેશન કામગીરીમાં પૂર્ણ થઈ ગયો હોય તેમ કરીએ તેમાં કોઈ અતિશયોક્તિ નહીં ગણાય કારણ કે, દાહોદ જિલ્લાના ૬૯૬ ગ્રામીણ વિસ્તારોમાં સો એ સો ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જેમાં દાહોદ તાલુકાના કુલ ૯૦ ગામોમાં પ્રથમ ડોઝની સંપૂર્ણ વેક્સિનેશન કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. તેવી જ રીતે ગરબાના ૩૪, ધાનપુરના ૯૦, દેવગઢબારિયા ૮૩, ફતેપુરાના ૯૬, લીમખેડા ૮૨, સિંગવડના ૭૧ અને સંજેલીના ૫૬ ગામોમાં કોરોના વેક્સિનેશનની સંપૂર્ણ કામગીરી પણ થઈ ચૂકી છે. આ તમામ તાલુકાઓમાં તમામ લોકોએ પ્રથમ રસીનો ડોઝ લઈ લીધો છે.

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ હેલ્થ કેર વર્કરની વાત કરીએ તો ૧૫૧૪૭ વર્કરોએ પ્રથમ ડોઝ લઈ લીધો છે અને બીજા ડોઝમાં ૧૫૨૪૯ લોકો રસી મુકાવી ચૂક્યા છે. તેવીજ રીતે ફ્રન્ટલાઈનના વર્કરોની વાત કરીએ તો તેમાં ૨૫૯૪૪ વર્કરો પ્રથમ ડોઝ લઈ ચૂક્યા છે અને ૨૫૮૫૩ વર્કરો બીજો ડોઝ લઈ ચૂક્યા છે. વાત કરીએ ૧૮ ઉપરના વ્યક્તિઓની તો યુવાનોથી લઈ વયોવૃદ્ધ લોકોમાં જિલ્લામાં કુલ ૧૪૯૭૩૪૩ લોકો વેક્સિનેશનનો પ્રથમ ડોઝ લઈ ચૂક્યા છે ત્યારે ૫૫૦૭૫૨ લોકો બીજો ડોઝ લઈ ચૂક્યા છે.

ટકાવારી પ્રમાણે વાત કરીએ તો દાહોદ જિલ્લાના તમામ ગ્રામિણ વિસ્તારોમાં પ્રથમ ડોઝનું સો ટકા દ્ફભભશક્ષફશિંજ્ઞક્ષ થઈ ચૂક્યું છે. હેલ્થ કેર વર્કરમાં ૧૦૦.૬૭ ટકા, ફ્રન્ટલાઈન વર્કરોમાં ૯૯.૬૭ અને ૧૮ વર્ષથી ઉપરના લોકોમાં ૯૯.૪૩ ટકા વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે.

આમ, આવનાર સમયમાં દાહોદ જિલ્લામાં ૧૦૦% વેક્સિનેશનની કામગીરી પૂર્ણ થવામાં હવે વધારે સમય નહીં લાગે તે સ્પષ્ટ જોવાઈ રહ્યું છે.

# દાહોદ શહેર તાલુકામાં કેટલાક વેપારીઓ છાપેલી કિંમત કરતા વધારે રકમ લેતા હોવાની ગ્રાહકોની લોકબુમ

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દિવાળીના તહેવારો હવે ગણતરીના દિવસો ગણાય રહ્યા છે. ત્યારે જીવન જરૂરિયાત સહીતની ચીજવસ્તુઓના ભાવ પણ ધીમે ધીમે કૂદકે અને ભૂસકે વધી રહ્યા છે. ત્યારે કેટલાક સંઘરાખોર વેપારીઓ કૃત્રિમ અછત ઉભી કરી માલ ની ઊંચી કિંમત પણ ગ્રાહકો પાસે વસુલ કરી રહ્યા છે.

દાહોદ શહેર તાલુકા મથક હોય આજુબાજુના ગામડાની પ્રજા સરકારી કામ અને ખરીદી માટે વહેલી સવારથી આવતી હોય છે. આજુબાજુના ૨૦ થી ૨૫ ગામ સાથે વેપાર વાણિજ્ય સાથે જોડાયેલું છે. મોંઘવારી મરવાનું નામ લેતી નથી અને દરરોજ મોટા કુદકા મારી રહી છે. ત્યારે બજારોમાં વેપારીઓ ગ્રાહકોને પણ છેતરી રહ્યા છે. કોઈપણ વસ્તુ ઉપર છાપેલી કિંમત કરતા વધારે ભાવ ગ્રાહક પાસે કોઈપણ બિલ આપ્યા વગર લઈ લેતા હોય છે. કોઈ ગ્રાહક બિલ માંગે ત્યારે તારે વસ્તુઓ લેવી હોય તો લે નહીં તો જા..!! તેવું સંભળાવી દેતા હોય છે. ગામડાના અભણ લોકોને કોઈ ભાવની ખબર નહીં હોય વેપારીઓ તેમની પાસેથી વસ્તુની કિંમત વધારે ખંખેરી લેતા હોય છે. અમુક વેપારીઓ તોલમાપ માં પણ વજનની ખાયકી મારતા હોય છે. જેમાં ખાસ કરીને દાહોદ શહેર માં અનાજ લે વેચ નો ધંધો, લીલા આદુ અને હળદર લેવા વાળા ગામડાના લોકો પાસેથી ૨૦ કિલો વજન ઉપરાંત ૨ કિલો વજન વધારે ગણતરી માં લેતા હોય છે. અને જે ૨ કિલો વજનની કોઈ કિંમત ગણાતા નથી. જેને બેતાળો તરીકે ઓળખાય છે.

આમ દાહોદ તાલુકામાં વેપારીઓ ગ્રાહકો પાસેથી છાપેલી કિંમત કરતા વધુ રકમ કોઈપણ બિલ વગર પધરાવી દેતા હોવાની ગ્રાહકોની રાવ સરકારના જેતે વિભાગ દ્વવારા ખાનગીમાં તપાસ કરી કાયદેસરના પગલાં લેવાય તે જરૂરી છે.

# દાહોદ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઈ

દાહોદ,

અહીં કલેક્ટર કચેરી ખાતે દાહોદ જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં જિલ્લાના અધિકારીઓને એવી સૂચના આપવામાં આવી છે કે સાંસદ કે ધારાસભ્ય તરફથી મળતા સમસ્યા નિવારણ અંગેના પત્રોનો એક પખવાડિયામાં પ્રત્યુત્તર આપી દેવો અને તેનું રજીસ્ટર નિભાવવું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આ બેઠકમાં રાજ્ય સરકારની કચેરીઓમાં પડતર તુમાર, પેન્શન કેસીસ, મુખ્યમંત્રીના ફરિયાદ નિવારણ કાર્યક્રમ, તકેદારી આયોગના પત્રો, તાબાની કચેરીઓમાં તપાસણી, સરકારી લેણાની વસુલાત, કર્મચારીઓ સામેના પ્રાથમિક તપાસના કેસીસ, આરટીઆઇ અને નાગરિક અધિકાર પત્રોની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

ઉપરાંત જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે દાહોદ જિલ્લાના આદિવાસી યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષા માટેના માર્ગદર્શક કલાસીસ શરૂ કરવાની પ્રકીયા વિચારણા લીધી છે. તે અંતર્ગત દાહોદ નગર સહિત જિલ્લામાં યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવવા માટે આગામી દિવસોમાં નોંડેલ વિભાગ નક્કી કરી તેનું આયોજન હાથ ધરવામાં આવશે, તેવું નિયત કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં સાંસદ તથા ધારાસભ્ય દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં શાળાઓ, આરોગ્ય કેન્દ્રો માટે જમીન ફાળવણી તથા ગૌચરની જમીનમાં થયેલા દબાણો દૂર કરવા જેવી બાબતો મુખ્ય હતી.

જિલ્લા વિકાસ અધિકારી પરમારે અધિકારીઓને તેમના હસ્તકની યોજનાની વિગતો એક અઠવાડિયામાં આપી દેવા સૂચના આપી હતી. આ વિગતો ડિસ્ટ્રીક્ટ એકશન પ્લાન તૈયાર કરવા માટે માંગવામાં આવી છે.

આ ઉપરાંત, રાજ્ય સરકારની કચેરીઓમાં ફરજ બજાવતા અને લાયકાત ધરાવતા કર્મયોગીઓ માટે આયુષ્યમાન કાર્ડ કઢાવવા માટે કલેક્ટર કચેરીમાં એક કેમ્પ યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ કેમ્પ તાલુકાકક્ષાએ પણ યોજવામાં આવશે. આ બાબતની જાણકારી કર્મયોગીઓને આપવા કહેવામાં આવ્યું છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર અશોક પાંડોર સહિતના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દે.બારીઆ પાલિકામાં ૩ કરોડનું વીજબીલ બાકી રહેતા પ્રજાને સ્ટ્રીટ લાઈટ વગર હાલાકી

દે.બારીઆ,

દે.બારીઆ પાલિકામાં વારંવાર બદલાતી જતી પ્રમુખની ખુરશી અને ચીફ ઓફિસરની ખુરશીના કારણે ઘણીવાર કેટલાય અવરોધ પાલિકાની પ્રજાને ભોગવવા પડ્યા છે.

દે.બારીઆ પાલિકામાં રાત્રિના સમયે અજવાળા માટે સ્ટ્રીટ લાઈટ મુકવામાં આવી છે. જે સ્ટ્રીટ લાઈટ બીજા વિસ્તારમાં અંધારૂ જોવા મળતુ હોય છે. તાજેતરમાં પાલિકાના એક સદસ્યએ પોતાના રૂપિયાના ખર્ચથી ચાર એલ.ઈ.ડી.લાઈટ મુકીને જનતાને સુવિધા આપી. પાલિકા વિસ્તારની સ્ટ્રીટ લાઈન અને વોટરવર્કસનુ લાઈટબિલ છેલ્લા ત્રણેક વર્ષથી વધતુ જાય છે. મળતા અહેવાલ મુજબ હાલમાં દે.બારીઆ પાલિકાનુ લાઈટબીલ રૂ.૩.૦૮ કરોડ જેટલી મોટી રકમ દે.બારીઆની વીજ કચેરીમાં ભરપાઈ કરવાનુ બાકી છે. વીજ કંપનીના જવાબદાર અધિકારી દ્વારા પાલિકાના અધિકારીને આ બાકીના નાણાં ભરપાઈ કરવા માટે કાયદેસરની નોટિસ વારંવાર આપવા છતાં પાલિકાનુ ત્રણ કરોડ રૂપિયાનુ વીજ બીલ ભરવા માટે કોઈ દરકાર લેતા નથી. પાલિકા વિસ્તારમાં જનતા પાસેથી તમામ કરવેરા પાલિકાના કર્મચારીઓ વસુલ કરતા હોય છે. જેમાં વીજળીવેરો, અને પાણીવેરો ફરજીયાત લેવાનો હોય છે. તો પાલિકાની પ્રજા પાસેથી ઉઘરાવેલા કરવેરા વીજ કંપનીમાં કેમ ભરપાઈ થતા નથી તેવા સવાલો ઉઠવા પામ્યા છે.

# દે.બારીઆમાં છકડા ચાલકે ટ્રાફિકને અડચણ થાય એવી રીતે વાહન ઉભુ રાખી પોલીસ કર્મી પર હુમલો કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના દે.બારીઆ નગરમાં એક છકડાના ચાલકે પોતાના કબ્જાનો છકડો ટ્રાફિક સમસ્યા થાય તે રીતે ઉભો રાખ્યો હતો. આ મામલે ફરજ ઉપર હાજર ટી.આર.બી.જવાન અને પોલીસ કર્મચારીએ છકડો સાઈડમાં કરવા જણાવતા છકડા ચાલકે એકદમ ઉશ્કેરાઈ જઈ કોલર પકડી ઝાપટો મારી સરકારી કામમાં અડચણ ઉભી કરતી ફરિયાદ નોધાવવા પામી છે.

દે.બારીઆ નગરમાં હાટ બજારમાં દે.બારીઆ રાણાશેરી ખાતે રહેતા વિકાસ રાજેન્દ્રભાઈ રાણા છકડો લઈ આવ્યો હતો અને પોતાનો છકડો ટ્રાફિકની સમસ્યા થાય તે રીતે ઉભો રાખતા આ મામલે દે.બારીઆ પોલીસે છકડો સાઈડમાં લઈ જવા જણાવતા વિકાસભાઈ એકદમ ઉશ્કેરાયો હતો. અને પોલીસ કર્મચારી અને જવાનનો કોલર પકડી ઝાપટો મારી સરકારી કામમાં અડચણ ઉભી કરી હતી અને પોલીસ કર્મચારીને શરીરે સામાન્ય ઈજાઓ પહોંચાડી હતી.

આ સંદર્ભે પોલીસ કર્મચારીએ છકડા ચાલક વિકાસભાઈ રાજેન્દ્રભાઈ રાણા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લા માંથી પસાર થતી ગેસ પાઈપ લાઈન માટે નજીવું વળતર ચુકવાના વિરોધમાં પ્રાંત અધિકારીને આવેદન

દાહોદ,

દાહોદ જિલ્લાના ખેડુતો આજરોજ દાહોદ પ્રાંત અધિકારીએ ભેગા થયાં હતા. જ્યાં પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લામાંથી જે ગેસ પાઈપલાઈન પસાર થઈ રહી છે. તે ગેસ પાઈપલાઈન પસાર થયા ત્યાર બાદ ખેડુતો આ જમીન ઉપર ક્યારેય પોતાનું ઘર બનાવી ન શકે, કુવાઓનું પણ ખોદકામ નહીં કરી શકે, બોર નહીં કરી શકે, નાના મોટા બાંધકામ પણ નહીં કરી શકે. ખેડુતોની જમીનો સરકાર ખેડુતો પાસેથી લેવા માંગે છે જેના ભાગરૂપે ખેડુતોને વળતર પેટે માત્રને માત્ર છેતરપીંડી જેવું વળતર જેવું કે, રૂા.૨૦૦૦, ૩૨૦૦, ૩૦૦૦, ૨૦૦,૩૦૦ આ પ્રકારનું વળતર આપીને ખેડુતોના જમીનો ઉપરના વપરાશી હકો કંપની માધ્યમથી સરકાર પોતાના તરફ કરવા માંગે છે. આ જમીનો ઉપરના વપરાશી હકોના બદલામાં ખેડુતોને યોગ્ય વળતર આપવામાં આવે અને છુટથી વળતર ન આપવામાં આવે ગેસ પાઈપ લાઈન દાહોદ જિલ્લામાંથી, રાજ્યમાંથી પસાર ન થાય તે માટેની કાર્યવાહી કરવા માટે દાહોદ જિલ્લાના ખેડુતોએ દાહોદ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

# દે.બારીયામાં જીલ્લા પંચાયતનું જુનુ આરામગૃહની જર્જરીત હાલતને કોણ સુધારશે ?




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા તાલુકાનું જુનું આરામ ગૃહ જે જીલ્લા પંચાયત આરામ ગૃહ તરીકે ઓળખાય છે. પરંતુ તેની હાલત ખરાબ છે કે, આજે નહિ પણ હમણાં જ પડું તેવી સ્થિતીમાં છેલ્લા પાંચ વર્ષથી દેખાવા મળી રહ્યું છે. પરંતુ જીલ્લાના પદના અધિકારીઓ આજે દેખવા પણ આવતા હોય તો ખરા તેને અનદેખી મોંઘી પડી શકે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના જુના રેલ્વે સ્ટેશન રોડ ઉપર રોડ ખાતાની ઓફિસના પાસે એક વર્ષ જુનુ આરામગૃહ હતું. તેમાં અનેક જીલ્લા તથા રાજયના પદના અધિકારીઓ તાલુકાની વિઝીટમાં આવતાં તો આ જીલ્લા પંચાયતના જુના આરામગૃહમાં રહેતા હતા. પરંતુ નવું એક આલીશાન આરામ ગૃહ કેન્ટોમન્ટ વિસ્તારમાં બની જતા આ આરામ ગૃહની જરૂર રહેતી નથી. જેથી તેની પરિસ્થિતી દિનપ્રતિદિન રહેવા લાયક રહી નથી. જેથી પ્રવેશ નિષેધનો બોર્ડ પણ મુકવામાં આવ્યું છે. અને નો એન્ટ્રીની રીબીન પણ બાંધી રાખવામાં આવી છે. જ્યારે આ એક સરકારી હસ્તકનું જુનું આરામ ગૃહ હોવાથી તેની જગ્યા કેટલી કિંમત સાબિત થશે. આવનારા સમયમાં દે.બારીયા તાલુકો અથવા કોઈપણ વિભાગની સરકારી કચેરી ઉભી કરવામાં આવી શકે તેમ છે. જેથી લાગતા વળગતા માર્ગ અને મકાન વિભાગના ના.કાર્યપાલક તેનો ઉપયોગ લેવાય તેવું સોચ વિચાર કરે તેવું આમ જનતાની માંગ ઉઠવા પામી છે.

# દે.બારીયાના ફુલપુરા ગામેથી ૨.૯૪ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ફુલપુરા ગામે એક રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂ તથા બીયરનો કુલ રૂા.૨,૯૪,૧૮૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જ્યારે પોલીસને જોઈ બુટલેગર નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

દેવગઢ બારીઆ તાલુકાની સાગટાળા પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ગત તા.૧૫મી ઓક્ટોમ્બરના રોજ ફુલપુરા ગામે નિશાળ ફળિયામાં રહેતાં ઉદેસિંહ ઉર્ફે કાળુભાઈ રતનભાઈ વડેલના ઘરમાં ઓચિંતી પ્રોહી રેડ કરતી હતી. આ દરમ્યાન પોલીસને જોઈ ઉદેસિંહ ઉર્ફે કાળુભાઈ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે ઉદેસિંહ ઉર્ફે કાળુભાઈના મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની નાની મોટી બોટલો મળી કુલ રૂા. ૨,૯૪,૧૮૦નો પ્રોહી મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંબંધે સાગટાળા પોલીસે ઉદેસિંહ ઉર્ફે કાળુભાઈ રતનભાઈ વડેલ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડા ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી ૪૮ હજારની મત્તાની ચોરી કરી

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા સોસાયટી વિસ્તારમાં અજાણ્યા ચોરોએ બંધ મકાનને નિશાન બનાવી તિજોરી તોડી અંદરથી રોકડા રૂ.૧૩,૫૦૦ તેમજ સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂ.૪૮,૩૦૦ની મત્તાનો હાથફેરો કરી નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

લીમખેડાની ચિત્રવિલા સોસાયટીમાં તા.૧૫મી એ સંદિપ ગુર્જરના બંધ મકાનમા અજાણ્યા બે તસ્કરો ઘુસી ગયા હતા. અશોકભાઈ અને તેમનો પરિવાર રાત્રિના ગરબા જોવા ગયા હતા ત્યારે પોતાનુ મકાન બંધ કરી ગયા હતા. તસ્કરોએ બંધ મકાનના દરવાજાનુ તાળુ તોડી અંદર ઘુસી તિજોરી તોડી અંદરથી રોકડા ૧૩,૫૦૦, ચાંદીના છડા, ચાંદીનો કંદારો, સોનાના ઝુમ્મર, સોનાની ચેઈન, ચાંદીનુ ભોરિયુ, ચાંદીના સિક્કા, ચાંદીની ભગવાન ગણેશજીની મુર્તિ, ચાંદીની ભગવાન લક્ષ્મી માતાજીની મુર્તિ, સોનાની કાનસેર મળી કુલ રૂ.૪૮,૩૦૦ની મત્તાની ચોરી કરી અંધારાનો લાભ લઈ નાસી જતા આ સંબંધે સંદિપભાઈ ગુર્જરે ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના બોરડી ગામે ત્રણ વર્ષથી બાંધી રાખેલ મંદબુધ્ધીની યુવતિ વન સ્ટોપ સુરક્ષાએ મુકત કરાવી

દાહોદ,

દાહોદ તાલુકાના બોરડી ઈનામી ગામે છેલ્લા ત્રણ વર્ષથી એક ૩૦ વર્ષીય મંદબુધ્ધિ યુવતીને બાંધી રખાતા આ અંગેની જાણ સખી વન સ્ટોપ, સુરભી સેવા અને અભિષેક ગૌશાળાએ સ્થાનીક પોલીસને સાથે રાખી યુવતીનું રેસ્ક્યું કરી મહિલા આશ્રમ ખાતે માકેલી આપવામાં આવી છે. જ્યારે દાહોદ શહેરમાંથી પણ એક આવી જ મંદબુધ્ધિની મહિલાને પણ આ ટીમ દ્વારા રેસ્ક્યું કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. દાહોદ તાલુકાના બોરડી ઈનામી ગામે એક ૩૦ વર્ષીય મંદબુધ્ધિની મહિલાને છેલ્લા ૦૩ વર્ષથી ખેતરના એક ઢાળીયામાં સાંકળ વડે બાંધી રાખવામાં આવી હતી. આ અંગેની જાણ સખી વન સ્ટોપ, સુરભી સેવા અને અભિષેક ગૌશાળાને થતાં તેઓ કતવારા પોલીસને સાથે રાખી સ્થળ પર પહોંચ્યાં હતાં અને જ્યાં મહિલાનું રેસ્ક્યું કર્યું હતું. મહિલા નગ્ન હાલતમાં હોવાથી તેને નવા કપડા પહેરાવવામાં આવ્યાં હતા. ત્યાર બાદ તેને પાણી પણ પીવડાવ્યું હતું અને તેને સમજાવી ટીમ દ્વારા મહિલા આશ્રમ ખાતે લઈ જવામાં આવી હતી. ત્યારે બીજી તરફ દાહોદ શહેરમાં છેલ્લા ઘણા સમયથી આવીજ એક મંદબુધ્ધિની મહિલા દાહોદ શહેર અને ખાસ કરીને ગોદી રોડ વિસ્તારમાં ફરતી હોવાનું ટીમને જાણવા મળતાં ટીમ કતવારાથી સીધી દાહોદ આવી પહોંચી હતી અને ગોદીરોડ ખાતેથી પણ એક મંદબુધ્ધિની મહિલાનું રેસ્ક્યું કરી તેને પણ મહિલા આશ્રમ ખાતે મોકલી દેવામાં આવી હતી.

# મોલ અને ઓનલાઈન ખરીદીથી નાના વેપારીઓનો ધંધો ઠપ

અમદાવાદ,

અમદાવાદ શહેરના સીજી રોડ પર મુખ્યત્વે જ્વેલરી, કપડાં અને પગરખાની દુકાનો આવેલી છે. સાથે સાથે કેટલાક નાના-મોટા વેપાર ધંધાની ઓફીસો અહીં કાર્યરત છે. જોકે વર્ષ ૨૦૨૦ શરૂઆતમાં કોવિડના કારણે ધંધા-વેપાર પડી ભાંગ્યા હતા. તેની મોટી અસર વેપાર-ધંધા પર થઈ. ન માત્ર અમદાવાદ પરંતુ સી.જી રોડ વિસ્તારમાં રાજ્યભરમાંથી લોકો ખરીદી માટે અહીં પ્રસંગોપાત્ત આવતા હોય છે.કોરોનાકાળ બાદ હવે પરિસ્થિતિ સામાન્ય બનવા તરફ જઈ રહી છે. પરંતુ વેપાર-ધંધા પર તેની અસર હજુ કાયમ જોવા મળી રહી છે. અમદાવાદનો સૌથી પ્રચલિત અને વ્યસ્ત રહેતો સી.જી રોડ પરની દુકાનોના કાળ દરમિયાન ખાલી થઈ હતી, તે હજુ પણ દુકાન ભાડે આપવાની છે તેવા પાટીયા જોવા મળી રહ્યા છે. તેઓ પાછલાં ૩૦ વર્ષથી સીજી રોડ પર વેપાર કરી રહ્યા છે. પંચવટીથી લઈને નવરંગપુરા સ્ટેડિયમ સુધીના પટ્ટા પર અંદાજે ૨ હજાર જેટલી દુકાનો આવેલી છે જેમાંથી અંદાજે ૧૦૦ જેટલી નાની-મોટી દુકાનો અને ઓફિસો બંધ થઈ ગઈ છે. બંને તરફના પટ્ટા પરની કેટલીક દુકાનો પર વેચાણ માટે અથવા તો ભાડે આપવાના બોર્ડ લાગેલ જોવા મળી રહ્યા છે. પાછલા ત્રણ મહિનાથી કોરોના પર નિયંત્રણ આવતા ધંધો વેપાર ફરીથી ધમધમતો થયો છે પરંતુ અમુક દુકાનો હજુ પણ બંધ છે. અમદાવાદ જ્વેલરી એસોસિયેશનના પ્રમુખ અને સી.જી રોડ પર જ્વેલરીની દુકાન ધરાવતા જીગર સોનીએ જણાવ્યું કે, પાછલા પાંચ વર્ષથી સીજી રોડ પરનો વિસ્તાર જ્વેલરીની દુકાનો માટે હબ સમાન સાબિત થઈ રહ્યો છે. વેપારીઓનું માનવું છે કે, ધંધા-વેપાર પડવાથી દુકાનનું ભાડું ૩૦ હજારથી લઈ ૧ લાખ સુધીનું છે, સાથે સાથે કારીગરોના પગારના નિભાવ ખર્ચ પણ કાઢવો મુશ્કેલ બન્યું હતું. જેથી દુકાનો બંધ પડી હતી, જે હજુ પણ યથાવત છે. આ ઉપરાંત પહેલા મોલ કલ્ચર આવ્યું અને હવે ઓનલાઈન વેપારના કારણે ધંધા પર મોટો ફટકો પડ્યો છે. ઓનલાઈન વેપારના કારણે અંદાજે ૩૫-૪૦ ટકાનો ફટકો પડ્યો છે. ઉપરાંત અહીં મુખ્યવે ખરીદી માટે આવતા લોકોને ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા પણ મોટો પડકાર બની છે. જેથી સી.જી રોડ પરના ધંધા પર અસર જોવા મળી રહી છે.

# PM અને CM આવાસ યોજનાની કામગીરી ખોરવાઈ ડભોડા ધારાસભ્યની રજુઆત

વડોદરા,

વડોદરા કોર્પોરેશન ખાતે મળેલી બેઠકમાં ડભોઈના ધારાસભ્યએ જણાવ્યું હતું કે ,વડોદરા મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં કોન્ટ્રાક્ટર રાજકમલ અને ડી.આર.પટેલ એસોસિયેટને કામગીરીનું વળતર નહીં ચૂકવાતાં કોર્પોરેશનને લેખીતમાં જાણ કરી કામગીરી બંધ કરી છે. સરકારમાંથી જે ગ્રાન્ટ આવે છે તે અન્ય કામોમાં વાપરવી જોઈએ નહીં. કોન્ટ્રાક્ટર દ્વારા આવી રીતે કામગીરી બંધ કરવામાં આવે તો વડોદરા મહાનગરપાલિકા માટે શરમજનક બાબત છે આ માટે મ્યુનિસિપલ કમિશનર શાલિનીબેન અગ્રવાલ નું પણ ધ્યાન દોર્યું છે. વધુમાં જણાવ્યું હતું કે કામગીરી પ્રમાણે ગ્રાન્ટમાંથી વળતર ચૂકવવાનું નક્કી હોય છે. પરંતુ આ પ્રકારની ઘટના દુ:ખદ કહી શકાય.વડોદરા મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રી આવાસ યોજનાની કામગીરીના નાણાં નહીં ચૂકવાતા નામાંકિત બે બિલ્ડરોએ કામગીરી બંધ કરી હોવાનું લેખિતમાં કોર્પોરેશનને આપવા મામલે ધારાસભ્યએ વડોદરાકોર્પોરેશન માટે શરમજનક બાબત ગણાવી છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩ ઓકટોબરે સ્વયંપુર્ણ મિત્રો સાથે કરશે વાતચીત

ન્યુ દિલ્હી,

રાજ્યને અપીલનું પાલન કરવા વિનંતી કરવામાં આવે છે. તેમણે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા દ્વારા લોકોને તેમની સફળતાની વાતોથી વાકેફ કરવા માટે સ્વયંપૂર્ણ મિત્રોને પણ વિનંતી કરી હતી જેથી જેઓ અજાણ હોય અથવા બાકી રહી ગયા હોય તેમને પણ યોજનાઓનો લાભ મળી શકે. સીએમ સાવંતે જણાવ્યું હતું કે સંબંધિત પંચાયત હેઠળ કોઈપણ નવીન પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે સરકાર પંચાયતને ૫૦ લાખ અને નગરપાલિકાઓને એક કરોડ રૂપિયા આપશે. તદનુસાર, પંચાયતો અને નગરપાલિકાઓ તરફથી અરજીઓ મંગાવવામાં આવે છે. મુખ્યપ્રધાને લોકોને સ્વયં પૂર્ણ મિત્ર સાથે તેમની ફરિયાદ નોંધાવવા વિનંતી કરી હતી, જેનું નિરાકરણ પોર્ટલ દ્વારા કરવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે વધારાના સ્વયંપૂર્ણ મિત્રોની નિમણૂક કરવામાં આવશે, જેમાં સ્વયંપૂર્ણ મિત્ર દ્વારા ૪ વોર્ડનું સંચાલન કરવામાં આવશે. મુખ્યમંત્રીએ કહ્યું કે, સરકાર અંત્યોદયના સિદ્ધાંત પર કામ કરે છે, કોઈ પણ રાજકીય પક્ષને ધ્યાનમાં લીધા વગર સામાન્ય લોકો માટે કામ કરે છે અને તમામ લોકોને ૨૩ ઓક્ટોબરે સવારે ૧૧ વાગ્યે તેમની સંબંધિત પંચાયતોમાં PM વર્ચ્યુઅલ મીટિંગમાં ભાગ લેવા વિનંતી કરી હતી. આ બેઠકમાં, સંપૂર્ણ મિત્ર અને લાભાર્થી પોતે પીએમ સાથે વાતચીત કરશેસીએમ સાવંતે જણાવ્યું હતું કે સંબંધિત પંચાયત હેઠળ કોઈ પણ નવીન પ્રોજેક્ટને પૂર્ણ કરવા માટે સરકાર પંચાયતને ૫૦ લાખ અને નગરપાલિકાઓને એક કરોડ રૂપિયા આપશે. ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી (Narendra Modi) ૨૩ ઓક્ટોબરે સ્વયંપૂર્ણ મિત્રા સાથે વાતચીત કરશે અને સ્વયંપૂર્ણ મિત્ર (Swayampurna Mitra), પંચાયતો, નગરપાલિકાઓ, વિભાગોના વડાઓને મળશે. તાલુકા નોડલ અધિકારીઓ અને સુપરવાઈઝરો સાથે સમીક્ષા બેઠક કરશે. આત્મનિર્ભર ભારત અને સ્વયંપૂર્ણ ગોવા મિશન અંતર્ગત ભારત સરકાર દ્વારા સ્વયંપૂર્ણ મિત્રોની નિમણૂક કરવામાં આવે છે. સીએમ સાવંતે કહ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુદ પૂર્ણા ગોવા દ્વારા કરવામાં આવેલા કામનો સ્વીકાર કર્યો છે અને એ પણ કહ્યું છે કે તેઓ ૨૩ ઓક્ટોબરે સ્વયંપૂર્ણ મિત્રો, સરપંચ અને પંચ સભ્યો સાથે વાતચીત કરશે. તેમણે કેટલાક મતવિસ્તારોની સફળતાની કથાઓ વિશે વધુ માહિતી આપી જેમાં સ્વયંપૂર્ણ મિત્રોએ અપંગ વ્યક્તિઓ અને અન્ય સ્વયં પૂર્ણ મિત્રો પર વિશેષ ધ્યાન આપી લાભાર્થીઓને ૧૦૦% લાભ આપીને જબરદસ્ત કામ કર્યું છે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા શહેર લાલબાગ ટેકરી મેદાન ખાતેથી રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ (આરએસએસ) દ્વારા પથ સંચાલન રેલી યોજવામાં આવી. શહેરના રાજમાર્ગો પરથી નીકળેલા આરએસએસના સ્વયમ સેવકો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.48

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## વડેલાવના તલાટી અશ્વિન પટેલના અહોકૃપા કે બેદરકારી થી...

# ગોધરા તાલુકાના વડેલાવ ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારની ચાલતી પાપ લીલા

### વડેલાવમાં થયેલ વિકાસના કામો અંગેની અને તેમાં થયેલ ગેરરીતિઓની જીલ્લાકક્ષાએથી સ્થળ તપાસ થાય તેવી ગ્રામજનોની માંગ





### તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિ તેમજ તેઓના મળતીયાઓ, વચેટીયાઓના પરાક્રમોથી વડેલાવ ગ્રામજનો વિકાસના કામોથી રહ્યા વંચિત

- વડેલાવ ગ્રામ પંચાયતમાં આવેલ સરકારી યોજનાઓમાં થયેલ ભય વગરનો ભ્રષ્ટાચાર.
- તલાટી અશ્વિન પટેલે ગ્રામ પંચાયતોમાં આવતી સરકારશ્રીની લાખ્ખોની ગ્રાન્ટો લોક કલ્યાણને બદલે પોતાના અને મહિલા સરપંચના આત્મકલ્યાણમાં વધુ વપરાતી હોવાની લોક ચર્ચાઓ.
- પ્રજા કહે છે... તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ ખાલી કાગળ ઉપર વિકાસના કામો બતાવી મોટો ખાયકીનો ખેલ ખેલી નાખ્યો છે.
- વડેલાવમાં થયેલ વિકાસના કામો અંગેની અને તેમાં થયેલ ગેરરીતિઓની જીલ્લાકક્ષાએથી સ્થળ તપાસ થાય તેવી ગ્રામજનોની માંગ.

ગોધરા,

રાજ્ય સરકાર રાજ્યની દરેક ગ્રામ પંચાયતને ગામના પ્રજાના વિકાસના કામો માટે કરોડો રૂપીયાની ગ્રાન્ટ ફાળવે છે. અને ગ્રામ પંચાયતોના સત્તાધિશો, અધિકારીઓ વિકાસના કામો માટે ફાળવેલ ગ્રાન્ટો દ્વારા ગામમાં વિકાસના કામો કરતા હોય છે. રાજ્યની ઘણી ગ્રામ પંચાયતો સર્વશ્રેષ્ઠ કામગીરી કરીને સરકારનો એવોર્ડ મેળવતી હોય છે. કેમ કે, એવી ગ્રામ પંચાયતના અધિકારી અને તે ગ્રામ પંચાયતના સત્તાધિશો પ્રજાલક્ષી એવા દ્રષ્ટાંતરૂપી એવા કામગીરી કરતા હોય છે. કે જેની નોંધ સરકાર પણ લે છે. ગ્રામ પંચાયતના અધિકારી એવા તલાટી કમ મંત્રી અને ગ્રામ પંચાયતના સત્તાધિશોને પ્રજાલક્ષી કામો માટેની સમરપીત ભાવના મહત્વની ભૂમિકા ભજવતા હોય છે. ત્યારે બીજી બાજુ આજે એવી પણ કેટલીક ગ્રામ પંચાયતો છે કે, જે ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીની ભ્રષ્ટ નીતિ અને ભ્રષ્ટ સત્તાધિશો ગ્રામ પંચાયત એટલે પોતાનું અને તેઓના મળતીયાઓનું કમાઉતો દિકરો સમજી રહ્યા છે. અને સરકારશ્રી દ્વારા ગરીબ પ્રજાના કલ્યાણ માટે આવેલ કરોડોની ગ્રાન્ટમાં ખાયકીનો ખેલ ખેલી મોટું ગાબડું પાડી પોતાનું સ્વકલ્યાણ કરતા હોય છે. વર્ષોથી ગ્રામ પંચાયતના સત્તામાં રહી વિકાસના કામોને ટલ્લે ચડાવી ગામડાઓની ભોળી પ્રજાને ખાલી આશ્વાસનો આપી તેઓને નવ-નવા નિયમો બતાવી કે કાયદો બતાવી ગામડાની ભોળી પ્રજાને આવા ભ્રષ્ટ અધિકારીઓ અને સત્તાધિશો ગ્રામજનોને વિકાસના કામોથી વંચિત રાખી રહ્યા હોવાનું સામે આવી રહ્યું છે. ત્યાર ગામડાઓની ભોળી પ્રજાના મનમાં સવાલ થાય છે કે, શું .... સરકાર આવી ગ્રામ પંચાયતોને ગ્રાંટ આપતી નથી ? પણ ના .... ગ્રાન્ટ તો લાખ્ખો-કરોડોમાં મળે છે પણ ભ્રષ્ટ બની બેઠેલા અને ટુંક સમયમાં કરોડપતિ બનવા આવેલા ગ્રામ પંચાયતના અધિકારી એવા તલાટી કમ મંત્રી તેમજ સત્તામાં રહી મલાઈ ચાખવાની ટેવ ધરાવતા સત્તાધિશોના લીધે ગામડાઓની ભોળી જનતાના લોક કલ્યાણ માટે આવેલ ગ્રાન્ટમાં વિકાસના બદલે ખાયકીમાં જતી રહી છે. ગોધરા તાલુકાના વડેલાવ ગ્રામ પંચાયતમાં પણ કઈંક આવું જ ચિત્ર સામે આવ્યું છે. જ્યાં ગ્રામ પંચાયતના ભ્રષ્ટ તલાટી કમ મંત્રી અને તેના મળતીયા એવા કે, મહિલા સરપંચના પતિ તેમજ તેઓના બની બેઠેલા વચેટીયાઓ જાણે કે ખાવા માટે જ સર્જાયા હોય તેમ સરકારી ગ્રાન્ટોમાં ગાબડાં પાડી ખાલી કાગળ ઉપર વિકાસના કામો થયા હોવાનું બતાવી મોટા પ્રમાણમાં ગેરરીતિ આચરી રહ્યા હોવાનું વડેલાવના યુવાનો જણાવી રહ્યા છે. તેમજ તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિની વડેલાવ ગામમાં ચાલી રહેલ મનસ્વી વહીવટના પાપે આજે પણ વડેલાવ ગામની ભોળી પ્રજા અત્યારના ડીજીટલ યુગમાં વિકાસના કામો થી કોસો દુર જાણે અઢારમી સદીમાં જીવતી હોય તેમ ગ્રામ પંચાયતના વિકાસના કેટલાય કામો ન થયા હોવા છતાં શોર-બકોર કરતી નથી. તેના પાછળનું કારણ હોય છે ગામમાં લાગેલ તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિરૂપી ભ્રષ્ટને કીડ અને તેઓની મનસ્વી વહીવટ અને તેઓએ બનાવેલ પોતાના નવ-નવા નિયમો કે બહાના બતાવી લોકોના કામોને ટલ્લે ચડાવી પોતાના સ્વવિકાસ કરવાને બદલે ગામડાનો વિકાસ રૂંધાઈ ગયા હોવાનો વડેલાવના જાગૃત ગ્રામજનો જણાવી રહ્યા છે.

વડેલાવ ગ્રામ પંચાયતના વિસ્તારોમાં વિકાસના કામો કરવા અને ગામના લોક કલ્યાણ માટે સરકાર તરફથી લાખો રૂપીયાની ગ્રાન્ટો આવેલી છે. અને આ ગ્રાન્ટો દ્વારા ગામમાં માટી-મેટલનું કામ ૧૪માં નાણા પંચ અંતર્ગતના કામો પેવરબ્લોક, સીસી રોડ, શૌચાલય બનાવવા માટે તેમજ ઘરવિહોણા ગરીબો માટે પ્રધાનમંત્રી આવાસ સાથે સાથે અન્ય કેટલાક વિકાસના કામો માટે ગ્રાન્ટ ફાળવામાં આવી છે. પરંતુ ગ્રામ પંચાયતના ભ્રષ્ટરૂપી તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ એવી કલાકારી કરી છે કે, વડેલાવ ગામની ગરીબ ભોળી પ્રજાને જોતાં લાગી રહ્યું છે કે, તેઓ આવી ગ્રાન્ટો થી અજાણ છે. જેના કારણે તેઓના વિકાસ કામો થતાં નથી. વડેલાવ ગામમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શૌચાલયોની કામગીરીમાં ગેરરીતિ આચરી કાગળના ઘોડા જેવાં તકલાદી શૌચાલયો ઉભા કરી દેવામાં આવ્યા હોવાની રાવ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવી રહી છે. વડેલાવ ગામમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જે શૌચાલયો બનાવવામાં આવ્યા છે. તે શૌચાલયનો ઉપયોગ કરતાં ગ્રામજનો ગભરાઈ જતા હોય છે. તેવા શૌચાલયો ઉભા કરી કાગળ ઉપર ખુલ્લામાં શૌચ મુક્ત ગામનો બોર્ડ લગાવવા માટે અને ઉપલા અધિકારીઓ ખુશ કરવા માટે તકલાદી શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં શૌચાલયના નામે ભારે ગેરરીતિ કરી હોવાની રાવ ગ્રામજનો દ્વારા કરવામાં આવી છે. ગ્રામજનો જણાવી રહ્યા છે કે, ગામમાં જે સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યું છે કે, સામૂહિક શૌચાલય મહિલા સરપંચના ઘરે તેઓના ઉપયોગ માટે બનાવી તેનો ખર્ચ સરકારી ચોપડે બતાવી ભારે ઉચાપત કરવામાં આવી હોવાના આક્ષેપો ગ્રામજનો લગાવી રહ્યા છે. તે સાથે વડેલાવના લોકો માટે જેમ બોર મોટર અને કુવા બનાવવા માટે જે ગ્રાન્ટ આવેલ છે તે ગ્રાન્ટનો ઉપયોગ મહિલા સરપંચના પતિએ પોતાના ઉપયોગમાં વાપરી પોતાના ઘર અને પોતાના ખેતરોમાં બોર-મોટર અને કુવાઓ બનાવ્યા હોવાનું લોકો જણાવી રહ્યા છે. શું આ સત્ય છે ? વડેલાવના ગ્રામજનો જણાવી રહ્યા છે કે, કેન્દ્ર સરકાર બેરોજગાર ગરીબ લોકોને રોજગારી આપવા માટે મનરેગા યોજના અમલમાં મૂકી છે. પરંતુ કૌભાંડ આચરવામાં માહિર બની બેઠેલા તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ પોતાના મનસ્વી વહીવટ અને સત્તાનો દુરઉપયોગ કરી ગામના ગરીબ લોકોને મનરેગા યોજના હેઠળ અત્યાર સુધી કોઈપણ પ્રકારનું કામ કે રોજગારી આપેલ નથી. પરંતુ ગામમાં ૩૦૦ ઉપરાંત લોકોના જોબકાર્ડ બનાવી દીધા હોવાનું તલાટી કમ મંત્રી અને સરપંચ જણાવી રહ્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે, મનરેગા યોજના હેઠળ વડેલાવ ગામમાં અત્યાર સુધી જેટલા કામો કરવામાં આવ્યા છે. તે કામો ક્યા ગામના મજુરો થી કરવામાં આવ્યા છે. તે રોજગારી ભથ્થું કયા જોબકાર્ડ ધારકોને આપવામાં આવ્યું તેની નિષ્પક્ષ તપાસ થાય તો તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિના પગ તળે રેલો આવે તેમાં નવાઈ નહીં કહેવાય.

### વડેલાવ ગ્રામ પંચાયતના તલાટીએ અરજદારને ખોટી અધુરી અને ગેરમાર્ગે દોરતી માહિતી આપી

ગોધરા તાલુકાના વડેલાવ ગ્રામ પંચાયત વિસ્તારમાં થયેલ વિકાસ કામો અંગે અરજદાર દ્વારા માહિતી માંગવામાં આવતાં વડેલાવ ગ્રામ પંચાયતના કહેવાતા માહિતી અધિકારી અને તલાટી કમ મંત્રી એ લાંબા સમય સુધી માહિતી ન અપાતા અરજદારે માહિતી મેળવવા માટેની અપીલ કરતાં તેના અનુસંધાનમાં અપીલ અધિકારીશ્રીએ હુકમ કરી દિન-૧૫માં માહિતી પુરી પાડવા જણાવેલ તેમ છતાં વડેલાવના તલાટી કમ મંત્રી એ અપીલ અધિકારીશ્રીના હુકમને ધોળીને પી જઈ અને તે કરેલ હુકમને અવગણના કરી અરજદારને હુકમ કર્યાના ૪૫ દિવસ બાદ જાણી બુઝીને ગામમાં કરેલ ગેરરીતિ પર પડદા પાડવા માટે અને તેમાં સામેલ ભ્રષ્ટાચારીઓને છાવરવા માટે અરજદારને ખોટી-અધુરી અને ગેરમાર્ગે દોરતી માહિતી મોકલી આપી.

### ભ્રષ્ટરૂપી તલાટી અશ્વિન પટેલ અને મહિલા સરપંચના પતિએ કયા કયા કામોમાં ગેરરીતિ આચરી સરકારને ચોપાડયો છે ચુનો.... વાંચો વિગતવાર માહિતી...

### દિલ્હી-બોમ્બે નેશનલ કોરીડોર માટે સંપાદિત થયેલ

## જમીનના વળતરમાં કટકી થયાના આક્ષેપ પૂર્વ સાંસદ ગોપાલસિંહ સોલંકી દ્વારા કરતાં ખળભળાટ

ગોધરા,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડ્રિમ પ્રોજેક્ટ ગણાતાં દિલ્હી બોમ્બે નેશનલ કોરિડોરમાં સંપાદિત થયેલ જમીનના વળતરમાં મોટી કટકી થયા હોવાના અને અધિકારીઓ માટે પૈસા ઉઘરાવ્યાં હોવાના ભાજપના રાજ્યસભાના પૂર્વ સાંસદ ગોપાલસિંહ સોલંકી એ આક્ષેપો કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

ભારત માલા પ્રોજેક્ટ અંતર્ગત દિલ્હી-બોમ્બે નેશનલ કોરિડોરની કામગીરી હાલ પુર ઝડપે ચાલી રહી છે. આ પ્રોજેક્ટ હેઠળ આ કોરિડોરનો કેટલોક હિસ્સો પંચમહાલ જિલ્લા માંથી પણ પસાર થાય છે. જે અંગે મોટાભાગે ખેડૂતોની જમીન સરકાર દ્વારા સંપાદિત કરી તેમને વળતર પણ ચૂકવી દેવામાં આવ્યું છે. ત્યારે ખેડૂતોના વળતરમાં પણ મોટાપાયે કટકી થતી હોવાની ચોંકાવનારી વાત પંચમહાલ થી સામે આવી છે. જ્યાં જાણીતા એડવોકેટ અને રાજ્ય સભાના બે વખતના સાંસદ રહી ચૂકેલા ગોપાલસિંહ સોલંકી એ જાતે આક્ષેપો કરતા ખળભળાટ મચી ગયો હતો. ગોધરાના દારૂનીયા ગામના એક ખેડૂત ન્યાયની અપેક્ષા એ ગોપાલસિંહ સોલંકી પાસે આવ્યા હતા અને પોતાની સાથે બનેલી સમગ્ર હકીકત થી ગોપાલસિંહને માહિતગાર



કરતા લાખોની છેતરપીંડી સામે આવી હતી.

ગોધરાના નફિસ શેખ નામના ખેડૂતની જમીન ગોધરાના દારૂનીયા પાસે આવેલ છે. જેનો સર્વે નંબર ૭૭૯ છે. જે જમીન દિલ્હી-બોમ્બે નેશનલ કોરિડોર માટે સંપાદિત થઈ હતી. પરંતુ આ સમગ્ર બાબત થી અજાણ નફિસભાઈને તેમના જ કુટુંબના અને અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવતા ઈમરાન નામના શખ્સે જાણ કરી હતી કે, તમારી જમીન આ પ્રોજેકટમાં જઈ રહી છે .જે અંગે હું આપને સારૂં વડતર અપાવીશ પરંતુ તમારે મને કમિશન આપવું પડશે. ખેડૂત નફિસભાઈ એ ઈમરાન ના કહ્યા અનુસાર ગોધરા ની એકસીસ બેન્ક માં ખાતું ખોલાવ્યું.ખાતું ખુલતા જ ઈમરાને નફિસ પાસે કેટલાક કોરા ચેક પર સહી કરાવી લીધી અને જણાવ્યું કે આ ચેક થી જે પૈસા ઉપડીસ તે મારે જમીન સંપાદનના અધિકારીઓને આપવાના છે. જે અંગે નફિસે કોરા ચેક ઈમરાનને આપી દેતા જ્યારે અંદાજીત ૧.૪ કરોડ જેટલું માતબર વળતર નફિસના ખાતામાં આવ્યું કે, તરત જ ભેજાબાજ ઈમરાને એક જ ચેકમાં ૫૨ લાખ જેટલી રકમ ભરી પોતાના જ ખાતામાં ટ્રાન્સફર કરી લીધા જેની મૂળ ખેડૂતને ઈમરાન દ્વારા કોઈ જાણ પણ કરવામાં આવી નહોતી, પરંતુ જ્યારે નફિસે પોતાનું સ્ટેટમેન્ટ જોયું ત્યારે તેઓ ચોંકી ઉઠયા અને આ બાબતે ઈમરાનને વાત કરતા ઈમરાને ધમકી આપતા કહ્યું કે, ૫૨ લાખ ભૂલી જવાના પૈસાનો વહેવાર અધિકારીઓ ને કરવાનો છે. પોતાની સાથે થયેલ લાખો ની છેતરપિંડી થી ડઘાઈ ગયેલ ખેડૂત નફિસ અને તેની સાથેના ખાતેદારો આ સમગ્ર મામલો લઈ રજુઆત કરવા અને માર્ગદર્શન મેળવવા માટે રાજયસભાના પૂર્વ સાંસદ અને ભાજપના પીઢ નેતા તેમજ જાણીતા ધારાશાસ્ત્રી ગોપાલસિંહ સોલંકી પાસે ગયા હતા. જ્યાં ગોપાલસિંહ એ સમગ્ર દસ્તાવેજો ચકાસતા મોટી છેતરપિંડી થઈ હોવાનું સામે આવ્યું હતું, પરંતુ સાથે પંચમહાલ અને દાહોદ વિસ્તાર માંથી પસાર થતા નેશનલ કોરિડોર માટે વળતર ચુકવણી અંગે મોટો ભ્રષ્ટાચાર અને ગેરરીતિ થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિ એ સામે આવતા ગોપાલસિંહ સોલંકી એ સીબીઆઈ જેવી તટસ્થ એજન્સી પાસે તપાસની માંગણી કરી હતી.

## મોરવા(હ) દશેરાના દિવસે રાવળ એકતા મંચની કાર્યાલય શરૂ કરાઈ

શહેરા,

મોરવાહડફ તાલુકામા વિજયાદશમીના દિવસે રાવળ સમાજ એકતા સેવા મંચ દ્વારા રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ મંડળ કાર્યાલય શરૂ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે રાવળ ગાજીપુર સરપંચ નરવત ભાઈ રાવળએ જણાવ્યું હતું કે, આપણો રાવળ સમાજ એક થાય અને સમાજના જ્ઞાતિબંધુઓ કોઈપણ સમસ્યા હોય હોય તો મારા સહિત સમાજના આગેવાનેને મળે અને વિદ્યાર્થીઓને અભ્યાસ કરવા માટે જરૂરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

સમાજના અગ્રણીઓ સહિત જ્ઞાતિ બંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. મોરવા હડફ તાલુકાના મુખ્ય મથક ખાતે તાલુકા પંચાયત રોડ ઉપર વી.પી. શોપિંગ સેન્ટર પહેલો માળ રાવળ સમાજ એકતા સેવા મંચ દ્વારા રાવળ સમાજ પરિવાર સુરક્ષા ટ્રસ્ટ મંડળ કાર્યાલયનું ઓપનિંગ કરવામાં આવ્યું હતું મોરવા હડફ તાલુકાના સહાય પણ મળે તેવા પ્રયાસો શરૂ છે. આ ઓપનીંગ કાર્યાલયમાં ગોધરા એડવોકેટ જીતુભાઈ રાવળ, લીમખેડા ના અભેસિંહ રાવળ, ધમાભાઈ, સરપંચ શંકરભાઈ લાલાભાઈ, સામાજિક કાર્યકર બળવંતભાઈ, પંચમહાલ દાહોદ ઘોઘંબા માથી રાવળ સમાજના યુવાનો વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલ સહિત ગોધરામાં રવિવારના રોજ વાદળ છાયા વાતાવરણ સાથે અમી છાંટણા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં રવિવારના રોજ વહેલી સવાર થી વાદળ છાયા વાતાવરણ વચ્ચે અમી છાટણા થયા હતા. છેલ્લા બે દિવસ થી દિવસે ગરમી અને રાત્રીમાં ઠંડીનું વાતાવરણ વચ્ચે ત્રણ ઋતુ એક સાથે અહેસાસ થઈ રહ્યો છે.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસ થી દિવસ દરમિયાન ભારે ગરમી અને રાત્રીએ ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે આજે રવિવારના રોજ વહેલી સવારથી વાદળ છાયા વાતાવરણ સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. અને અમી છાટણા થયા હતા. એક દિવસમાં ઠંડી, ગરમી અને વરસાદ જેવા વાતાવરણને લઈ ખેડુતોમાં ચિંતામાં મુકાયા છે. અને હવે વરસાદ ન થાય તેવું ઈચ્છી રહ્યા છે.

## ગોધરા LCB પોલીસે કડી તાલુકામાં થયેલ ઘરફોડ ચોરીના ૩.૯૮ લાખના મુદ્દામાલ સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા



ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, કડી તાલુકાના કરણનગરમાં થયેલ ઘરફોડ ચોરીનો મુદ્દામાલ લઈને ત્રણ ઈસમો ગોધરામાં વેચવા આવી રહ્યા છે. તેવી ચોકકસ બાતમીના આધારે બસ સ્ટેશનમાં વોચ ગોઠવી ત્રણ ઈસમોને ૩,૯૮,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે, કડી તાલુકાના કરણનગર અંબિકા સોસાયટીના મકાનમાં ઘરફોડ ચોરીના બનાવ બન્યો હતો અને ઘરફોડ ચોરીનો સોના-ચાંદીના ઘરેણાં અને અન્ય મુદ્દામાલ થેલામાં ભરીને ત્રણ ઈસમો ગોધરા ખાતે વેચવા માટે આવી રહ્યા છ. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે ગોધરા લાલબાગ બસ સ્ટેશન ઉપર વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબના ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા ઈસમોના નામ પુછતા મિથુન ભગાભાઈ ઉર્ફે ભગત વોહનીયા (રહે. વજેલાવ ભુતવડ, તા.ગરબાડા), હિતેશ સોમાભાઈ કળમી (રહે. માતવા ડુંગરા ફળીયું, તા.ગરબાડા) અને કિશોર મળી ત્રણને ઝડપી પાડવામાં આવ્યા હતા. પકડાયેલ ઈસમો પાસેથી સોનાના પાટલાં નંગ-૨, સોનાનું લોકીટ નંગ-૧, સોનાની બુટ્ટી જોડ-૧, સોનાના બુટ્ટા છુટી શેર-૧ જોડ, સોનાની બુટ્ટી શેર જોડ-૧, સોનાના કાનશેર જોડ-૨, સોનાની વીંટી, સોનાના પેન્ડલ, સોનાની ચુની, ચાંદીના દાગીના, ચાંદીની લકકી, જીવનદોરી, ચાંદીનું મંગળસૂત્ર, મળી ૨૫ જેટલી નાની મોટા દાગીના મળી કુલ ૩,૯૮,૨૦૦/-રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. ગોધરા એલ.સી.બી. પોલીસે મહેસાણાની કડી તાલુકામાં થયેલ ઘરફોડ ચોરીના આરોપીઓ અને મુદ્દામાલ કબ્જે લઈને ગુના અનડીક્ટ કર્યો.